સરોવરસુંદરી.

સર્ગ ૧ લો.

ઇંગ્રેજી કવિ સર વૉલ્ટર સ્કૉટ કૃત

'લેડી ઑફ ધ લેક' નું

ભાષાંતર.

કર્તા તથા પ્રસિદ્ધ કરનાર

સત્યેંદ્ર ભીમરાવ દીવટીઆ,

બી. એ., અમદાવાદ.

અમદાવાદ

ત" પ્રીન્ટિંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

પ્રત ૫૦૦. પ્રથમાવૃત્તિ.

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કિંમત રૂ. ૦-૮-૦.

અર્પણપત્રિકા.

શાર્દૂલવિક્રીડિત—

પ્રિય અનસૂયા !

આનંદી અતિનમ્ર શાન્ત સરલા જે છે વિવેકી વળી,
ચિત્તાકર્ષક ચારૂ રૂપ ધરતી મુગ્ધા મધુરી કળી,
સેવા સ્વામિનો એકધ્યાન કરતી શ્રી-ઈશ-શ્રદ્ધા ધરી,
રાખે હિંમત ધૈર્ય, શૌર્યપર ને સત્યે પ્રીતિ છે ખરી; ૧

સંતોષે અતિથિ તણાં હૃદયને આતિથ્ય રૂડું કરી,
દીપાવે ગૃહધર્મ જે ગૃહિણીના સર્વે પૂરા આચરી,-
હેવી રમ્ય મનોરમા રમણીને આલેખી જ્યહાં સુંદરી,
તો આ કાવ્ય ત્હનેજ અર્પણ કરૂં-ઊર્મિ ઉરે એ સરી. ૨

લી. પ્રેમાધીન

સતુ.

પ્રસ્તાવના.

સ્કૉટલૅન્ડ દેશના મહાન કવિ તથા નવલકથાકાર સર વૉલ્ટર સ્કૉટ જે એડીનબર્ગ નામના શહેરમાં ઇ. સ. ૧૭૭૧ માં જન્મ્યા હતા તેમણે રચેલાં કાવ્યો 'લે ઑફ ધ લાસ્ટ મીન્સ્ટ્રલ,' 'માર્મીઅન,' 'રોકબી' તથા 'લેડી ઑફ ધ લેક' વગેરે સર્વ દેશોમાં સુપ્રસિદ્ધ છે; અને ઉપર જણાવેલા ચાર કાવ્યો તો યુનીવ્હર્સીટીઓ તરફથી કૉલેજોના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલાં છે; તેમાંનું છેલ્લુ કાવ્ય–લેડી ઑફ ધ લેક–તો હાયસ્કુલોમાં પણ શીખવવામાં આવે છે તે ઉપરથી તે કાવ્યમાં કાંઇ વિશેષતા છે એમ સહજ સમજી સકાય છે. આ કાવ્યની ઈંગ્રેજી ભાષા ઘણી સંસ્કારી તેમ સરળ છે; પદ્યરચના યથાસ્થિત છે; વાર્તા ઘણી ચતુરાઇથી ગોઠવવામાં આવી છે, અતિશય વિગત આપીને કટાળો આપવામાં આવ્યો નથી અને કાવ્યમાંના કેટલાક પ્રસંગોનાં વર્ણન ઘણા રસિક તથા સુંદર રીતે કરવામા આવ્યા છે; અને પાત્રોના હાવભાવ વગેરે ચિત્તાર્ષક રીતે આલેખવામા આવ્યા છે; આખા કાવ્યમા એક જાત્યનો અવર્ણનીય જુસ્સો છે જેથી વાચકનુ ધ્યાન એકાગ્ર થઇ જાય છે અને વાર્તાનુ પરિણામ જાણવા માટે મન તત્પર થઇ રહે છે. હાવી ખૂબીઓવાળું આ કાવ્ય શાળામાં વાંચ્યુ ત્હારથી મન ઉપર ઊંડી છાપ બેઠેલી હતી અને જ્યહારે કૉલેજમાં બારીકાઈથી તેનો અભ્યાસ કરવામા આવ્યો ત્હારથી તે છાપ સુદૃઢ થઇ અને તેનુ ભાષાંતર આપણા ગૂજરાતી સાહિત્યમાં હોય તો સારૂ હેવી ઇચ્છા ઉત્પન્ન થઈ. કેટલાક વર્ષ ઉપર મુબાઇના પ્રસિદ્ધ શેઠ પુરૂષોત્તમ વિશ્રામ જે ગૂજરાતી સાહિત્ય દેવીના ઉપાસક છે તેમણે 'સુરસા-

ગરની સુંદરી ' એ નામથી એક ગદ્ય પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું તેમાં આ કાવ્યના પ્રસંગો લઇને રજપૂત પાત્રો ગોઠવી દીધાં છે, એટલે આ કાવ્યનું ગદ્યાત્મક અનુકરણ કર્યું છે પરંતુ તેમાં આ અનુપમ કાવ્યની ખૂબીઓમાંથી એક પણ આવી સકી નથી; એટલુંજ નહીં પણ ગદ્યમાં હોવાથી તથા સ્થળ, પાત્ર, વર્ણન વગેરેમાં ફેરફાર થઇ જવાથી કૃત્રિમતા જણાઇ આવે છે અને મૂળ કાવ્યની રસિકતાને બદલે નીરસતા આવી ગઈ છે. આમ થએલુ જણાયાથી અસલ કાવ્યની સર્વ વસ્તુસ્થિતિ રહેવા દઇને પદ્યમાં માત્ર ભાષાંતર કરવામાં આવે તો શુ પરિણામ આવે તે જોવાની ઇચ્છાથી મ્હેં તેનું ભાષાંતર કરવા માંડયુ અને દોઢ સર્ગ તે પ્રમાણે તૈયાર કર્યો પણ ત્હોર પછી અનેક વ્યવસાયોને લીધે તે કાર્ય બંધ પડી ગયુ. હાવી રીતે ભાષાતર કરવાનું કામ ઘણુ મુશ્કેલ છે અને ધાર્યા પ્રમાણે સારૂં થાય નહીં તો વૃથા મહેનત થશે એમ લાગવાથી જેટલો ભાગ થયો છે તેમાથી એક સર્ગ પૂરો છપાવીને વાચકવર્ગ સમક્ષ મૂકવો એમ યોગ્ય લાગવાથી તે પ્રસિદ્ધ કરવામા આવ્યો છે એટલે ભાષાંતરની યોગ્યાયોગ્યતાની પરીક્ષા થશે અને એ પરીક્ષાના પરિણામ ઉપર બીજા સર્ગોનાં ભાષાંતર કરવાનો આધાર રહેશે.

આ પ્રથમ સર્ગ મૃગયાના જુસ્સાદાર સચોટ વર્ણનથી શરૂ થાય છે. શીકારીઓ મૃગની પાછળ ઘણે લાંબે સુધી દોડે છે અને આખરે કંટાળીને એક પછી એક પાછળ રહી જાય છે અને અંતે માત્ર એક સરદારજ એકલો રહે છે જે ' ઍક્રે ' નામના સરોવરના તીર સૂધી મૃગની પાછળ જાય છે પણ શીકાર હાથમા આવતાં આવતાં છટકી જાય છે અને તેથી તે નિરાશ થઈ જાય છે અધુરામાં પૂરૂં તેનો ઘોડો થાકીને જમીન ઉપર પડી જાય છે અને મૃત્યુવશ

થાય છે; અને તે સરદાર એકલો 'ટ્રોસેક'ની વનભૂમિમાં પોતાના સાથીઓથી છૂટો પડી જાય છે, આગળ જતાં જતાં 'કૅટ્રીન' નામના સરોવર પાસે આવી પ્હોંચે છે; અહીં સંધ્યાકાળ થઈ જાય છે; અને લુંટારાના ભયને લીધે રાત્ર અહીં ગાળવી ઠીક નહીં લાગ્યાથી છૂટા પડી ગએલા સાથીઓમાંથી કોઇક ત્હાં આવી ચઢે હેવી આશાથી પોતાની પાસેનું બ્યુગલ વગાડે છે; પણ તેમ થવાને બદલે સ્હામેથી એક ન્હાની હોડી તેના બ્યુગલના અવાજના ઉત્તરમાં નીકળી આવે છે અને તેના પગ પાસેજ આવીને જમીનને અડે છે—આ હોડીમાં એક મનોહર મુગ્ધા છે જે આ અજાણ્યા માણુસને જોઇને વિસ્મય પામે છે અને ખંચકાય છે, હોડીને કીનારાથી કાંઇક દૂર હંકારી લઇ જાય છે; પરન્તુ થોડીક વાતચિત કર્યા પછી હેને પોતાને ત્હાંની 'હાયલેન્ડરો'ની મહેમાનગીરી સ્વીકારવા આમંત્રણ કરે છે અને કહે છે કે તે અણધાર્યો મેહેમાન નથી કારણકે તેમના કુટુમ્બના વૃદ્ધ જોષી જેવા 'ઍલન બેને' તેના આગમન સંબંધી ભવિષ્ય વાણી કહી હતી અને તેથી તેને માટે પથારી પાથરી રાખી હતી અને સાંજનો ખોરાક તૈયાર રાખ્યો હતો. તે અજાણ્યો પુરુષ 'એલન' સાથે બેટમાં જાય છે જ્યહાં તે મુગ્ધાનું ગ્રામ્ય નિવાસસ્થાન છે. તે ગૃહમાં જેવો તે પેસે છે કે તરતજ એક મ્હોટી તલવારના પડવાથી તે ચમકે છે અને હાવી મ્હોટી તલવાર ઉચકી સકે અને હાથમાં ઝાલીને ફેરવી સકે હેવા તેના જાણવામાં આવેલા એકજ વીર નરનું હેને સ્મરણ થાય છે અને ગત પ્રસંગો સાંભરી આવે છે; તેનું હૃદય ઉશ્કેરાઇ જાય છે અને તે મુગ્ધાને જોયાથી થયેલી જાદુ જેવી અસર પણ તેને શાન્ત કરી સકતી નથી, તેને પોતાની યુવાવસ્થાના બનાવો, વફાદાર તથા બેવફા મિત્રો, સંસારની કૃપટજાળો વગેરેનાં સ્વપ્નાં આવે છે અને તેનું મન

વ્યથિત થાય છે; આખર તે પથારીમાંથી ઊઠે છે અને બ-
હાર જઈને શાન્ત રાત્રિમાં ફરે છે તેથી હેના હૃદયની વ્યથા
શમી જાય છે અને તે સ્હવાર સૂધી ઊંઘે છે. આ સ્થળે
પ્રથમ સર્ગ સમાપ્ત થયો છે.

આ દિગ્દર્શનથી તથા સર્ગ વાંચવાથી જણાશે કે
મૃગવાળું ચિત્ર, 'એલન'ના સ્વરૂપ તથા સ્વભાવનું આલેખન,–
ટ્રોસૅકની વનભૂમિનું વર્ણન તથા તે અજાણ્યા સરદારને આ-
વેલા સ્વપ્નનો અહેવાલ–એ સર્વ કવિએ અતિશય ચિત્તાકર્ષક
થાય હેવી રીતે કાવ્યમાં આપેલા છે. ભાષાંતર એટલેજ
દરજ્જે અસર કરી સકે હેવું થાય એ અશક્ય છે તોપણ
અસલ કાવ્યનો ભાવ જાળવી રાખવા માટે બનતો પ્રયત્ન
કર્યો છે; તેમાં કેટલે દરજ્જે સફળતા મળી છે તેની કસોટી
સુજ્ઞ વાચકવૃંદ કરી સકશે.

કલોલ.
તા. ૧–૨–૧૩. } સત્યેંદ્ર ભીમરાવ.

સરોવરસુંદરી.

સર્ગ ૧ લો.

આવાહન.

વસંતતિલકા.

હે ઉત્તરે વસતી મંજુલશબ્દ વીણા !
દુઃખી દશા તુજ દીસે, થઇ તું વિશીર્ણા !
આચ્છાદી ઊભું 'વિચ-એલ્મ' મહાન વૃક્ષ,
શીતાંબુનું ઝરણું 'સેન્ટ ફિલાન' સ્વચ્છ; ૧

ત્ય્હાં પૂર્વકાળથી રહી લટકી તું શાખે,
ને વાયુ ચંચલપરે તુજ સૂર નાંખે;
ઈર્ષ્યાથકી, પણ, વિંટાઈ તું પાસ વલ્લી,
તન્ત્રી લીલાવિટથી ઢાંકી દીધી સમૂળી. ૨

હે વાદિની ! વિરમશે રવ શું હજીયે ?–
પર્ણો તણા સરસ મર્મર શબ્દ થાયે,
ને નિર્ઝરો કલરવે ઝિણું ઝિણું ગાયે
તેથી મીઠા તુજ સુરો મૂક રૂહેશું તોયે ? ૩

ને કોઇ વીરવદને નવ હાસ્ય લાવે ?
કે અશ્રુ કો યુવતિને નવ શું ઢળાવે ?
રે, આમ 'કૅલીડન'માં, તુજ સૂર પૂર્વે
રૂહેતા ન નીરવજ ઉત્સવ હોય જેવે; ૪

તે વેળ ગાન, તું, નિરાશ થતી પ્રીતિનાં,
ને ગાન પ્રાપ્ત યશનાં વળી, ગાતી'તી ત્હાં;
ઉદ્દીપ્ત ભીરૂ જનને કરતી હતી તું,
ગર્વિષ્ઠનો મદ બધોજ ઉતારતી તું. ૫

જ્હારે લયે વિરમતું મીઠું કઠગાન,
ઉચું સુણાય તુજ ગાનજ એકતાન,
ઉત્સાહી ઉન્નત પીતાં શ્રવણે સુગાન,
યોદ્ધા કિરીટી, રુડી સુંદરી, એકધ્યાન; ૬

ત્હારે હતાંજ તુજ સંગીતવસ્તુ મુખ્ય—
સૌંદર્યનેત્ર અતુલાં, ભડવીરવીર્ય;
માયામયી ગહનતન્ત્રીગતિજ ત્હારી,
ત્યાંહીં મથે અપટુ આકર ધૃષ્ટ ભારી, ૭

તૉયે અયે, ફરીથી એકજવાર ગા, ગા,
આ દીર્ઘ નીંદ થકી જાગી રસીલી તું, ગા;
ચાતુર્ય મ્હારૂં તુજ પૂર્વ સુગાનનો તો
પાડી સકે ન પડઘો પણ મંદ ન્હાનો, ૮

તૉયે, અયે ફરીથી એકજવાર ગા, ગા,
આ દીર્ઘ નીંદ થકી જાગી રસીલી તું, ગા;
જો કે કઠોર વળી મંદ વિનાશી હોય,
ને હોય ના કંઈજ ઉત્તમ ગાનયોગ્ય, ૯

જો તે પ્રભાવથી સ્ફુરે ઉર એક તૉય,
છેડયા સુરો ન તુજ મોહન વ્યર્થ જાય;
ત્હારે હવે મુંગી ન રહે, ફરી ગા તું વીણા,
સૂરો જગાવ્ય, અયિ મોહિની ! રમ્ય ઝીણા. ૧૦

૩

મૃગયા.

(૧)

ઉપજાતિ.

મોનાનસ્રોતે શશી નાચતો જ્યહાં
પર્યાપ્ત પાણી પીધું'તું મૃગ ત્યહાં;
ઉંડો સુતો રાત્રી વિરામ કાયે
'ગ્લેનાટની'માં નિર્જનવૃક્ષછાયે. ૧

સૂર્યે કીધો જ્યહાં નભદીપ રક્ત
'બેન્વોર્લીકાદ્રિ' શિખરે પ્રદીપ્ત;
ત્યહાં શૈલપંથે પડઘા સ્વરોના
ઉંડા પડ્યા, શ્વાનશિકારીયોના;
અને ઘણે દૂરથી કાંઈ મંદ
થાતો સુણ્યો ત્યહાં ખરીતૂરીનાદ. ૨

"શસ્ત્રો ધરો, શત્રુ ચઢ્યા જ કોટે"
યોદ્ધો, સુણી રક્ષકશબ્દ, ઊઠે;
ત્વરાથી શય્યા મુકી તેમ ઊઠયો,
ઘણો અરણ્યે મૃગરાજ રૂઠયો. ૧

પરંતુ વેગેથી જતાં જ પૂર્વે
ખંખેરી નાંખ્યાં હિમબિન્દુ સર્વે,
કિરીટી સેનાપતિના સમાન
ઊંચું કરીને શિર શૃંગવાન; ૨

ઉત્ક્ષેપથી દૃષ્ટિ કીધી સગર્વ
આકાશમાંહી, તુચ્છકારી સર્વ;

ક્ષણેક નીચે ખીણમાં નિહાળ્યું,
ક્ષણેક સુંઘ્યો 'દૂષિતો'જ વાયુ, ૩

ક્ષણેક તે ધ્યાન બહુ દઈને
ઊભોજ કોલાહલને સુણીને:
સમીપ આવ્યો સહુ સાથ જેમ
વધ્યો ગયો ત્યહાં ધ્વનિ તેમ તેમ. ૪

પછીજ જ્યહારે અરિ અશ્ય દીઠો,
વનેથી મ્હોટી ભરી ફાળ નાઠો,
અને સવેગે દૂર ફરી દોડયો
'યૂ આમ-વૉરૂ'ની વનભૂમિ ન્હોંચ્યો. ૫

જોઈ ભસ્યા જોરથી શ્વાન જાતા,
ગિરિ ગુહાએ પ્રતિશબ્દ દીધા;
થયોજ કોલાહલ એક સાથે,
પ્રબુદ્ધ ન્હાડો પ્રતિઉત્તરો દે. ૧

શ્વાનો ભસ્યા સો ઉડું ઊંચુ, સાથે,
સો અશ્વનો નાદ થયોજ પંથે;
પ્રોત્સાહી શૃંગધ્વનિ નીકળ્યો જ્યહા
ઝાઝા સ્વરો શોર મહીં ભળ્યા ત્યહાં. ૨

'સુણો, અરે, હો' બહુ સાદ આવ્યા
'બેન્વૉર્લીકે'ના પડઘા વિરામ્યા;
ફરે કુરંગી તુમુલેથી નાઠી,
મૃગી ગુહા માંહિ લપાઈ પેઠી. ૩

ખાજે કર્યોસ્તો તહિં શૈલ ટોચે
માળો વિશાળો નભમાંહિ ઊંચે,
તહીંથીૅ ટોળા ઉપરેજ તાકી
આશ્ચર્યથી દૃષ્ટિ સુદૃર નાંખી, ૪

જ્યહાંસૂધીૅ ત્હેની ઝીણીૅ દૃષ્ટિ પાર
મૂકી ખીૅણે શીઘ્ર થયો પસાર
તે સંઘ, ઝંઝાનિલ હોય જાણે,
જોઈ રહ્યો ત્યહાં સુધીૅ શ્યેન ધ્યાને. ૫

થયોજ કોલાહલ આછઆછો,
ગુહાગિરિ નિર્ઝરમાંથી પાછો
વળ્યોજ ત્હેનો પડઘો હવે તો
ધીૅમે ધીૅમે મંદ વિમંદ થાતો. ૬

એકાન્ત તે જંગલને પ્રદેશે
મહાન તે પર્વત પાર્શ્વ દેશે
વિશાળ શાન્તિ પ્રસરી રહી ત્યહાં,
સર્વત્ર સુસ્થિર થઈ ગઈ છે ત્યહાં; ૭

પૂઠે પડ્યા તે મૃગની તમામ,
વને મચ્યો વિગ્રહ ભારીૅ આમ;
ત્હોરે હવે મંદ થતાજ શબ્દ
ઉત્તુંગ ‘ચૂયામ્વર’ અદ્રિપાદ; ૧

અને ગુહાને જગવી દીૅધી ત્યહાં
કહે છે પુરા રાક્ષસ કો રહ્યા જ્યહાં;
પ્હોંચ્યા દુરારોહ ચઢાવ પૂર્વ
ઉભો ઊંચે મધ્ય સ્વમાર્ગે સૂર્ય. ૨

તે સંઘમાંના બહુ સ્વાર શૂરા
પડી ગયા પાછળ જે બિચારા
હવે ખુશીથીજ વિરામ દેતા
થાક્યા હયોને બહુ ઢોકરાતા. ૩

હતા ન પાસે, પથમાંજ ખર્તા,
મૃગાનુસારી શ્વગણોથીં અર્ધા;
ઉત્સાહ ને સાહસપૂર્ણ ભારી,
ધાયા ગિરિમાં મૃગયાવિહારી; ૪

પરંતુ ત્ય્હાંએ વિધિયેજ મ્હોટી
ખરીજ કાઢી કસની કસોટી;
તે અદ્રિના દક્ષિણ જે ઉછંગ,
શોભ્યો હવે ઉત્તમ ત્ય્હાં કુરંગ. ૫

દૂરે નીચે ત્ય્હાં પ્રસરી વિશાળ
"મેન્ટીથ" ભૂમિ વિવિધા રસાળ;
ત્હેણે તહીં ઉત્સુક દૃષ્ટિ નાખી
ભૂમિ ત્વરાથી અવલોકી આખીઃ— ૬

ક્ષેત્રો અને પર્વતને તપાસ્યાં,
ભેજાળ ને પંકિલ સ્થાન જોયાં.
"લૉકાર્ડ" કે "ઍબર ફૉઇલ" પાસે
વિશ્રામ લેવા મનમાંહિ ક્યાસે. ૭

અનુષ્ટુપ—

પરંતુ તેથીંયે પાસે હતું "ઍક્રે" સરોવર,
ભૂરા ભૂર્જ ઉગ્યા ભાસે જ્હેને તે તટ ઊપર; ૮

અને સંમિશ્ર થાતાં તે, રંગે રંગ ભળી જતે
દેવદારૂ નીલાં સાથે ઊંચા "બેન્વેન્યુ" પર્વતે. ૯
આશાથી પાછું બળ તાજું આવ્યું;
પાદપ્રહારે તૃણ તુચ્છકાર્યું;
થાક્યા વિના પશ્ચિમ પંથ દોડયો,
ને હાંફતો સંઘ પછાડી પાડયો. ૧૦

અનુષ્ટુપ્—

શિખરો "બેન લેડી"નાં, જ્યહારે દૂર ઉંચે દિસ્યાં,
કયા સ્વારો નિરાશામાં, ઊભા થંભી લગામ ત્યહાં; ૧
ને "ઓકાસલ" મેદાને કોણ થાકે ધીમા પડયા;
'ટીથ,' પાણી ચઢયે વ્હેણે, તરતાં કોણ ખંચક્યા; ૨
"કેમ્બસમોર" પાસેથી સર્વે સાથ જતાં જતાં
કયા અશ્વો રહ્યા ત્યહાંથી,—આવે પાર ન કેહતાં; ૩
બે વાર તે એક તટેથી બીજે
તર્યોજ હામે મૃગવીર આજે;
દોડયા દૂરે જે મૃગની પછાડી,
રહ્યા નહોતા બહુ તેહમાંથી, ૪
થોડાજ પ્હોંચ્યા જઇને કિનારે
સરોવરે સુંદર "વેન્નકારે";
અને જ્યહારે પુલ 'ટર્ક' આવ્યો
ત્યહાં સ્વાર તે અગ્રયજ માત્ર ચાલ્યો. ૫

વિષમ હરિગીત—

એકલો, પણ પૂર જોમે એડી ચાબુક મારતો
ઉત્સાહથી તે સ્વાર ચાલ્યો અશ્વને દોડાવતો. ૧

થાકીયો શ્રમથી શિથિલ પેલો થયો છે મૃગ હવે,
ફીણુ આવીયું મુખ ઊપરે સહુ અંગ બગડયું કાદવે. ૨
હાંફતો શ્વાસે ભર્યો બહુ કષ્ટથી તે દોડતો,
ગતિ મંદ થાતી જાય ત્હેની દૃષ્ટિમાર્ગે દીસતો. ૩
ક્રૂર કાળી જાતિના શીકારી મ્હોટા કૂતરા
નહિં જોડ જેમની દોડમાં અણુતોલ હામ અને ત્વરા.૪
પૂંઠ પકડીજ વેગથી ધાવંતમૃગની ત્હેમણે,
પકડીજ લગભગ પાડીયો નિરાશ તે શીકારને. ૫
દૂર ભાલાભર હતા મૃગ પાછળે ભાગ્યેજ તે
અતિ ઉગ્ર વેરી ધીર શ્વાનો, પાસ જાવાને મથે. ૬
પાસ આવી ના સકે તેથી વધારે કૂતરા,
જઇ ના સકે મૃગ તેમનાથી દૂર તેથી તો જરા; ૭
આમ સરવરને કીનારે શ્વાન ને મૃગરાજ તે
નહિં ટેકરા ને ઝાડી વચ્ચે થાકિયા બહુ દોડતે; ૮
આંહિં ત્ય્હાંહિં ટેકરા ને વૃક્ષઠૂંઠાં કૂદતા
બહુ વિષમભૂમિ ઊપરે ત્ય્હાં રમત તે રમતા હતા. ૯

વસંત તિલકા.

શીકારીએ તહિંથી તુંગ દીઠો ગિરિને,
ઊભો સીમા સરની પશ્ચિમમાં કરી જે;
તે કોટ ઉચ્ચ પથ રોકી રહ્યો હતો જય્હાં,
સ્હામો, વિચાર્યું, મૃગ તે ક્રૂરોને થશે ત્ય્હાં.
ચિત્તે શિકારી જયઆશથી હર્ષ પામે,
નેત્રે થકી તહિંથી તે મૃગશૃંગ માપે. ૧

રોળાવૃત.

અંતનો હોંકાર ને ઘા કારી કરવાને
થંભ્યો શ્વાસ સમેટી ખેંચી તલવારજ ત્હેણે. ૧
પણ ગર્જત તૈયાર થઈને દોડતે અશ્વે
ઉંચો કરી કર શસ્ત્ર ખુલ્લે આવ્યો ત્યહાં જેવે, ૨
ચેતીને તે ચતુર મૃગે તેનો ઘા ચુકવ્યો
ને સ્હામેનો ખડક મુકી તે ત્યહાંથી ફરિયો. ૩
ઘનતિમિરાવૃત ખીણ મહીં તે ધસીને દોડયો,
તૂર્ત શ્વાન અને શિકારીની દૃષ્ટિ બ્હાર ગયો. ૪
ગહન 'ટ્રોસેક' તણી ઝાડીને એકજ ખૂણે
આશ્રય લીધો જઈ એકાન્ત જગાએ ત્હેણે, ૫
લપાઈ બેઠા ત્યાંહિં શિરે તરૂવૃન્દે ઢાળ્યાં
શીતળ ઝાકળ બિન્દુ અને વનકુસુમો કુમળાં. ૬

વસંત૦

શ્વાનો પરાજિત સુણ્યા ભસતા વૃથા ત્યહાં
અત્યંત જોર થકી ખીણ પથે ઉંડામાં,
ઉન્મત્ત શ્વાન ગિરિને વાઢતાજ જાણે
પ્રત્યુત્તરો પળપળે વળિ દીધ ત્હેણે. ૧

ઉપજાતિ.

શિકારીએ ત્યહાં હય મારી મૂકયો
ને શ્વાનની પાછળ આવી પ્હોંચ્યો—
અદૃશ્ય પેલા મૃગપૂંઠ લેવા
ઉશ્કેરિયા ત્યહાં જઇ શોધી જોવા. ૧

દ્રુત૦

પણ પડ્યો શૂર ત્ય્હાં હય થાકીને
વિષમ માર્ગથી ઠોકર ખાઇને. ૧

વસંત૦

એડી લગામ થકી અશ્વ ઉઠાડવાને
તે સ્વાર વ્યર્થ મથિયો અધીરો થઇને;
કલ્યાણી સુંદર અને ઉમદો સુહાતો,
મૃત્યુથી ગાત્ર જડ ઢાળી હજી સૂતો— ૧
કર્તવ્ય તો નિજ સમાપ્ત થયાં બધાંયે,
આ દીર્ઘ નીંદ થકી ના ઉઠશે કદીયે;
હૈય્યું થયુંજ કરુણાઅનુતાપઆર્દ્ર,
કીધોજ શોચ શબ ઊપર ક્લેશઆર્ત. ૨

શિખરિણી.

મુક્યા છૂટા રશ્મિ પ્રથમ 'સૉન' કેરા તટપરે,
ન તે વેળા સ્વપ્ને પણ મન વિચાર્યું હતું અરે;—
થશે ત્હારાં અંગો ત્વરિતગતિ, હા! ભક્ષ્ય ગીધનાં
ઉંચી આ ભૂમિનાં, તુરગ પ્રિય મ્હારા અનુપમ! ૧

વસંત૦

ધિક્કાર આ દિવસનેજ સહસ્રવાર!
ધિક્ હો વળી બહુજ ધિક્ મૃગયાવિહાર!
શ્વેતે શૂરે મુજ અહિં નિજ પ્રાણ ખોયા,
છોડી ગયો અહિંથી ક્ય્હાં મુજ લાડવાયા! ૧

વસંત૦

ત્હેણે કીધો ખૉણુ મહીં પછી શૃંગનાદ
વ્યર્થાનુધાવનથી બોલવવા શ્વસાથ.
ખોડંગતા ગતિ ધીમીથી વળ્યાજ પાછા
ભગ્નાશ શ્વાન મૃગયાગ્ર, વિષણ્ણ ઝાંખા. ૧
પેઠા લપાઈ નિજ નાથની સૉડ માંહી
માથાં નમાવી પુછ પાગની માંહિં નાંખી.
ત્હેણે, પરંતુ, તહિં કંદરશૂન્યકંઠે
લંબાવી દીધ વધતા ધ્વનિ શૃંગના તે! ૨

દ્રુત૦

ચમકી નીંદરથી ઊઠિયા ઘુડો,
ચીસથી દે પ્રતિઉત્તર ત્ય્હાં ગીધો. ૩

વસંત૦

શૃંગધ્વનિ પ્રસરિયો તહિં આસપાસ
પ્રત્યુત્તરો જ પડઘા ત્યમ થાય ભાસ. ૪

દ્રુત૦

પથ વિહારિ વહ્યો ઝટ આગળે
ચરીજ આશ શિકારીજ કો મળે! ૫

ઉપજાતિ.

પરંતુ તે આમ જતાં જતાં તો
અનેકવારે વિરમી જ જોતો,
વિચિત્ર એવો પથ ચિત્તહારી
દેખાવ ત્ય્હાં અદ્ભુત ભવ્ય ભારી! ૬

મંદાક્રાન્તા.

અસ્તે જાતા દિનકર તણા પશ્ચિમેથી તરંગો,
ખીણે ત્યાંહીં સમભૂમિ થઈ વ્યાપિયા રેલી રંગો,
શૃંગો રંગે ઝૂમલ દિસતા શૈલ ઊંચા ઉમનારા,
ડૂબ્યાં સર્વે ધગધગી રહ્યા પૂરમાં અગ્નિ કેરા. ૭

વસંત૦

ના એક રશ્મિ પણુ અસ્ત થતાં દીપે ત્યહાં
ઊડી નીચાણુ મહીં આવી રહી દરીમાં;
વાંકે વિંટાઇ પથ ગાઢ તમે છુપાતો
શૈલો ઘણુા શિખરિ સ્તંભ પરેથી જાતો;
તે કંદરેથી સહસા ચઢતા જ ઊંચે,
આકાશચુમ્બિ શિખરાગ્ર વિભિન્ન વજો. ૮

ઉપજાતિ.

ગર્વિષ્ઠ લોકે મળીને જ સર્વે
બાંધ્યો મિનારો બની ધૃષ્ટ પૂર્વે
'શિનાર' મેદાન પરે મહાન,
પ્રત્યેક ઊંચો અહિં તે સમાન. ૯

વસંત૦

ભાસે તહિં દલિત ખંડિત શૈલશૃંગ,
બૂર્જો સછિદ્ર ભીંત ઘુમ્મટ હોય તુંગ.
ભાસે વિલક્ષણુ વળી ઘડી હોય કહાડ્યા
ગોલાકૃતિ શિખર ને નભસ્પર્શી તોડા. ૧
કીધાં અલંકૃત સુમંદિર દેવનાં જે
પ્રાચીન કારીગરીથી બની મસ્જીદો જે,
તેનાં ઉચાં શિખરશાં ગિરિશૃંગ કેવાં
શોભે વિચિત્ર રૂપ સુંદર ધારી એવાં ! ૨
કિલ્લા બન્યા કુદરતી અતિ ભવ્ય કોટ,
તેના પરે ધ્વજ મનોહરની ન ખોટ;
દૂરે ઉંડા ગહન ત્યાંહિં અગાધ માર્ગે
ફૂર્કે કરાડથી વિદીર્ણુ ઊંચાં ઉછંગે, ૩

લીલી પતાક સમ વન્ય ગુલાબ રાજે,
મોતીસમાં ચળકતાં હિમબિન્દુ તેજે;
કમ્પે સુવેલી ધરી વર્ણ સહસ્ર ન્યારા
ઉચ્છવાસ ગ્રીષ્મ થકી પાશ્ચિમ વાત કેરા. ૪

ઉપજાતિ.

ઉદાર હાથે પ્રભુ શક્તિયે ત્યહાં
સ્થળે સ્થળે આહિં તહીંજ વેર્યા
સુવૃક્ષકો પુષ્પ, જુદાંજ જુદાં
અદ્રિ તણાં બાળક તે સુહાતાં. ૧

વસંત૦

વેરે સુવાસ જ અરણ્યજપા અહીંયાં,
થોરો અને વનસુવેલ મળી જતાં ત્યહાં,
પીળાં ભુરાં કુસુમ છોડપરે ઉગેલાં
ભાસે પ્રપાત પર મંડપમાં છુપેલાં. ૧
સંન્યાસ ને વિનય, સદ્ગુણ, નીતિ, લજ્જા
એવા અનેકગુણવ્યંજક પુષ્પ છે જ્યહાં,
વાતપ્રહાર ખમી શૃંગ રોઢાં થયેલાં,
વર્ષાદનાં તહિંજ ચિહ્ન ઘણાં પડેલાં; ૨
જે દર્પદંડ સુચવે કુલ પાસ ઊગ્યાં
તે સંગ રંગ નિજ શ્યામ ભળાવી દીપ્યાં.
પ્રત્યેક વાતલહરે તહીં ડાળ ઝૂજે,
તેથી દિસે તરુ ભુરાં રડતાંજ નીચે. ૩
ઊંચે વિભિન્ન ખડકે જડ લંગર્યાં ત્યહાં
નૌકોપયોગી બળિયાં બહુ વૃક્ષયોધા;

ને દેવદારૂ તરૂ તેથી ઊંચે ઉભાં ત્ય્હાં
તેનાં વિશીર્ણ થડ ધાર પરે ઝઝૂમ્યાં. ૪

ઊંચે જ્યહાં ખડક શૃંગ મળ્યાં જણાયાં,
આકાશ સંકુચિત તેથી દિશ્યું થયું જ્ય્હાં,
ત્ય્હાં એહવાં બહુજ વૃક્ષજુથે જ આખા
નાંખી ઉચે નભ પ્રતિ નિજ મ્હોટી શાખા, ૫

ઊંચે સહુથી જ ઉંચે બરફેથી ધોળાં
શૃંગો જહિં ચળકતાં ગિરિનાં નિહાળ્યાં
ને જ્ય્હાં પતાક સરખા વિટપો વિલાસે
નાચે ઉડે અનિલ સંગ રમે સુહાસે,
ત્ય્હાં રમ્યશ્રીષ્મનભરંગભુરા તણી તો
ઝાંખી જ કો થતી મુસાફરનેત્રને તો. ૬

દ્રુત૦

કંઈ અલૌકિક ભૂમિ મહિં તહિં
અહ ! શું આ રચનાજ થઇ રહી,
સઘળું તે તણું સ્વપ્નજ ભાસતું
બહુ વિચિત્ર વિલક્ષણ દીસતું. ૧

ઉપજાતિ.

ઊંડી અને સાંકડી ખાડ શાન્ત,
તરૂઘટામાંથી ધીમે વહન્ત,
શું ડોકિયાં તે કરતીજ હોય !
દેખાઈ કાંઈ દૂર રમ્ય સ્હોય. ૧

પ્હોળો ન એનો પટ એટલોયે,
કે વન્ય હંસો સકતા તરીયે!
ઝાડી મહીં તે વળતાંજ જ્યહાં ત્યહાં,
કો કો સ્થળે થાય અદૃશ્ય જાતાં. ૨
પરંતુ દેખાય ફરીથી જ્યહારે,
પ્હોળુંજ થાતું ઝરણું વધારે;
ઊંચા નીચા શૈલસવૃક્ષછાયા,
જોતાજ નીલાજલદર્પણે ત્યહાં.
વાધ્યો શિકારી જ્યમ આગળે જ્યહાં,
પ્હોળો વધારે પટતો દીઠો ત્યહાં. ૩

દ્રુત૦

વિષમશૈલ તટેજ ઉભા નહીં,
નિકળી ગાઢ વનેથી હવે તહીં;
પણ તરંગથી વેષ્ટિત તે હતા,
જલ મહીં તરતા સહુ દીસતા. ૧
જ્યમ વિંટાઇ રહ્યા પરિખા થકી,
બિચ ઉભો રહી દુર્ગ ટકે નકી;
વધિ પ્રવાહ હજી તહિં તેથીયે,
ઝરણનો પટ વિસ્તૃત તે કરે; ૨
પ્રભવપર્વતથી ગિરિપાદને
ધરિ ઉછંગ જુદાજ કરી દિયે;
ત્યમ થતા દૂર ફરજ તેહ ત્યહાં,
જલધિમાંહિ, શું! દ્વીપ બની રહ્યા! ૩

ઉપ૦ અને ઉંડી તે ખીણુમાંથી જાવા,
તે પાન્થને માર્ગ સુઝે ન, હાવાં;
પ્રપાત ઊંચો અતિ જેહ ઊભો,
સંભાળથી તે ચઢવોજ સીધો. ૧

વસંત૦ સોપાન કો કઠણ વૃક્ષમૂળો બન્યાં ત્ય્હાં,
ને વૃક્ષકો વળી બીજાં મદદેજ આવ્યાં;
ને કો પ્રવાતસ્થળ ઊપર આવી પ્હોંચ્યો,
જ્યાંહિં જઈ નિરખતો સહુ પાસ ઊભો. ૨

અનુષ્ટુપ્૦ તહીં દૃષ્ટિ નીચે ત્હેની, લૉકકૅટ્રીન સરોવર,
પથરાઈ રહ્યું દીઠું શોભે રમ્ય મનોહર. ૩

ઉપ૦ સૂર્યાસ્તના તેજ થકી પ્રકાસે,
વિલોલ સૌવર્ણ સમૂહ ભાસે. ૪

વસંત૦ ફેલાયલા અતિ વિશાળ જલાશયે ત્ય્હાં,
ખાડી, અખાત વળિ ભૂમિ ઉચી અહિં ત્ય્હાં;
દ્વીપો વળિ અરૂણ જે દિપતાજ તેજે,
તેથીય ઉજ્વલ પ્રકાશમહિં તરે તે, ૫

ને રાક્ષસોસમ ઉભા તહિં પર્વતો જે,
તે રક્ષવા સુખદ મોહની ભૂમિ કાજે,
'બેન્વેન્યુ' ઉન્નત, ઉચે રહી દક્ષિણે ત્ય્હાં,
નાંખે નીચે સરવરે નિજ રૂડી છાયા; ૬

ન્હાના ગિરિ, ખડકને શિખરો બધાં જે,
દીસે અસંભ્રમજ આંહિં તહિં રહ્યાં જે,
જાણે પુરાણુ જગના કઇ ભાગ હોયે,

તે સર્વનાંય પ્રતિબિંમ્બ પડયાં જણાયે; ૭
પાદો વિશીર્ણ વળિ શૃંગ પુરાતને ત્ય્હાં,
પક્ષો સમાન વન ગાઢ ઘણાં છવાયાં;
ને ઉત્તરે, નભ મહિં કંઈ મધ્યગાળે,
'બેન્ ઍન' શૂન્ય નિજ શીર્ષ ઉંચે ઉછાળે. ૮

સીધા અને અતટ ઉન્નત ટેકરેથી,
ત્હેણે નિહાળ્યું અતિ હર્ષથી વિસ્મયેથી;
ને તે વિદેશી જન બોલી ઉઠયો અહીંયાં,
કેવું મનોહર રસીલું સુચિત્ર છે આ! ૧
ધર્માધિકારી મઠ યોગ્યજ ભૂમિ ભાસે!
કે રાજવૈભવ તણું સ્થળ યોગ્ય દીસે!
ઉત્સંગ ઉચ્ચ ઉપરે અહિં રાજદુર્ગ,
ત્ય્હાં કુંજ શાન્ત દરીમાં લલનાજ અર્થ! ૨
કેવાં વિશાળ દૂર ક્ષેત્રપરેજ પેલાં
શોભે પુરાણ મઠનાં શિખરો રહેલાં!
કેવાં શિકારીજનશૃંગ સહર્ષ જાણે
ખીજે વિલંબ કરતી સરપે ઉષાને! ૩
સંધ્યા સમે સકલ શાન્તિ સરેજ જ્ય્હારે
નિઃશબ્દ શાન્ત તરુકુંજ મહિંજ ત્ય્હારે,
પ્રેમી તણી મધુર વાગતી કેવી વીણા,
લાગે, અહા! સુરવ વેરતી કાંઇ ઝીણા; ૪
ને મધ્ય રાત્રિ સમયે શશી જેહ વેળા
ધૃવે રુડું મુખ તરંગ મહીંજ ધોળાં,

કર્ણે પડે સમય તે ગભીરાજ કેવા,
પ્રાતઃ પવિત્ર, દૂર, પ્રાર્થન શબ્દ ઊંડા; ૫
એકાન્ત દ્વીપ દિસતો પડીયો મ્હણે જે,
ત્યહાં ઘંટ ઉચ્ચ ઘોર નાદથી કાંઈ વાગે;
ને આશ્રમે મુનિ સમાધિ ધરી રહે જ્યહાં
તેને જગાડી દઈ ફેલી રહે ધ્વનિ ત્યહાં;
પ્રત્યેક નાદ સહુ તે મણકા ગણીને
માળા જપે પછીજ મન્ત્ર ભણીભણીને. ૬

ઇન્દ્રવજ્રા.

શૃંગો, વીણા, ઘટ, અને બધાંએ
ભૂલા પડેલાજ મુસાફરોને

ઇન્દ્રવંશા.

બોલાવતાં શું! સુખદાયિ ઉત્સવે
ને મંડપે દીપપ્રદીપ્ત શોભિતે!

ઇન્દ્રવજ્રા.

જો સર્વ હાવું અહિંયાંજ હોય
કેવું રૂડું મોહક તે જણાય! ૭

વસંત૦

આનંદકારિ ફરવું અહિં કેવું ત્યહારે!
આજે પરંતુ–મૃગ ચંચલનેજ ધિક્ છે;
પેલા તપસ્વિ કૃશને તરુવૃંદ દે છે
આહાર સાંધ્ય ત્યમ તેજ મ્હનેય દેશે; ૮
શૈવાલી કો તટ થશે મુજ આંહિ શય્યા,
સિંદૂર 'મર્મર' કરી, કરશેજ છાયા,

એવુંજ હોય સહુ;–યુદ્ધ શિકાર માંહિં,
વિશ્રામસ્થાન મળવુંજ યથેષ્ટ ક્ય્હાંથી! ૯
ગ્રીષ્મે અરણ્ય મહિં ગાળવી આખી રાત્ય,
બીજે દિને રહિજ એ હસવાની વાત;
આંહિં પરંતુ વનમાં બહુએ વસે છે
સત્કારવા અતિથિ તત્પર લોક જે છે! ૧૦
એવા જનો નવ મળે બહુ તોજ સારૂં,
આવેજ તેનું પરિણામ ઘણું નઠારૂં!
આ ઉચ્ચ પર્વત પરે વસતા લુંટારા
ભેટે કદાપિ જનને વનમાં જનારા–
એ તો ખરેખરૂં ઘણુંજ બને નઠારૂં
ખોવો જ અશ્વ, મૃગ એ કરતાંજ સારૂં! ૧૧

ઉપજાતિ.

પડી ગયો છું અહિં એકલો હું–
રે! આમ શું હિંમત ખોઈ જાઉં,
રહેલ કો પાછળ સાથમાંથી
બોલાવશે શૃંગજ નાદ ત્ય્હાંથી; ૧૨
અનિષ્ટ કાંઇ અથવા, અહીંયાં
આવી પડે તો મુજ ખડ્ગ છે આ;
કસોટી એની બહુ કાઢી મ્હેં છે
પ્હેલાં પરીક્ષા બહુએ લીધી છે. ૧૩

ઇંદ્રવંશા.—

વાગ્યું ન વાગ્યું ફરી શૃંગ તેહનું,
ત્ય્હાં તો, જુવો! નાદની સાથ નીકળ્યું,—

કો જીર્ણ સિંદૂરની બાજુમાં થકી,
જે ઝૂકતો તે દ્વીપ–ટેકરે થકી— ૧
તે ખાઇમાં જો ! સર્યું ન્હાનું નાવડું,
હુંકારતી કો લલનાર્થી શોભતું;
તે ખાઈ સીધા ખડકે વીંટાય છે,
ગંભીર વ્હેણે સવિલાસ જાય છે. ૨

ઉપજાતિ.

તરંગ થાતાંજ અદૃશ્ય થાય,
આવર્ત થાતાં ભમરી જણાય;
તટે ઉભું રોતું શું વૃક્ષ કોઇ,
ત્હેનીજ શાખા જળ દેતું ધોઇ; ૧
ચુમ્બે, ઝીણો તે કરિ શબ્દ ધીરો,
તીરે પડ્યા જે હિમશ્વેત પથ્થરો.
શિકારીયે જ્યહાં નિજસ્થાન છોડ્યું,
તે નાવડું ત્યહાં તટશ્વેત સ્પર્શ્યું. ૨

વસંત૦

ઊભો છુપાઈ તરુ ઝાડીં મહીં જઇને,
જોવા સરોવર તણી તહિં સુંદરીને. ૩

ઉપજાતિ.

વિચારમાં તે યુવતી વિરામી,
ઊભી રહી નાવ મહીંજ સ્હામી;
થંભીજ જાણે સુણવા ફરીથી,
સુણ્યો હતો જે ધ્વનિ ત્યહાં દૂરેથી. ૪

ઇન્દ્ર૦

ઊંચું કંઇ શીર્ષ કીધું હતું, ને,
એકાગ્ર દૃષ્ટિ સઘળી કરીને,
ચક્ષુ અને કર્ણજ સાવધાને
માંડ્યાં તહીં સ્થિર થઇજ ત્હેણે, ૧

ને કેશ છૂટા વિખર્યા પછાડી,
ને ઓઠ જૂદા મુખ ઊઘડ્યાથી
ધ્યાનેથી જાણે સુણતીજ હોય,
તેવી સ્થિતિમાં ઉભી તે જણાય-
મૂર્ત્તિ ઘડીશું ગ્રીકની કળાએ,
જલાશયે રક્ષક-દેવી હોયે. ૨

વસંત૦

ને જો કદાપિ ગ્રીકશિલ્પકળાવિધાને,
કો અપ્સરા, જલ તણા અધિદેવતા, ને
કો સુંદરી ઘડી હશે ન તથાપિ કીધાં,
આ આકૃતિ સુઘડ ને મુખ કાંત, આવાં; ૧

સૂર્યે ચઢાવિ ભ્રુકુટી અતિશે પ્રચંડ,
તેના કપોળ કંઇ પિંગળ રંગી દીધ-
તેમાં શું!—આ શ્રમ સુસહ્ય સખેલ અલ્પ
કીધાથી દીપિ રહિયો કંઈ રંગ રક્ત; ૨

ને દૃષ્ટિગોચર કંઇ ક્ષણમાત્ર થાતી
વેગેથી તેની સ્ફુરતી હિમશ્વેત છાતી;

સૌંદર્ય રાજકુલ યોગ્યજ હોય ત્હેના
જે જે હશે નિયમ તે અનુસાર તે ના   ૩

શીખી સમાપ પદન્યાસજ તેણી તો શું !
જાણી નહીં કંઈજ કૃત્રિમતાય તો શું !–
ચાલેજ મદ દૃઢ પાદ મુકીજ કેવી !
દીઠી ન અસ્ખલિત કોની ગતિજ આવી ! ૪

પુષ્પો પરે પદપ્રહાર થકીજ ત્હેના
કેવાં પડે સરિજ ઝાકળબિંદુ ઝીણા !
વાયુસમાન હલકાં પગલે દબાતા
કૂળાં ફુલો પણ ઉચા કરી શીર્ષ દેતા !   ૫

ત્હેની સુવાણ્યાં મંહીં પર્વતબોલીના જો
ઉચ્ચાર હોય વળી તે મહીં શું થયું, તો !
રૂપાતણા સુરસિલા રણકાર જેવા
ત્હેના સ્વરો મૃદુલને પ્રિય થાય કેવા !   ૬

તેનું મોઁહુ અમૃતશું કરવાજ પાન
શ્રોતા રહે બનીં શું સ્તબ્ધ ધરીજ ધ્યાન !
ત્હેના સુકેશ મહીં રેશમી પટ્ટી શોભે,
ને અંગ ઊપર ચીનાંશુક ઓઢયું દીપે;   ૭

શોભે સુવર્ણઉરભૂષણ કેવું ઓપે !
તે વેશથી યુવતિ નાયક પુત્રી લાગે;
ભાગ્યે કદી રહીજ પટ્ટી હશે છુપાઇ
આવા પ્રવૃદ્ધ વળી લંબ સુકેશમાંહી !   ૮

તેનો હીંસે ચળકતો બહુ શ્યામ રંગ
દે કાકપક્ષ લજવી કરી માનભંગ;
ભાગ્યે, અને, ધવલ છાતિ પરેજ હાવી
સંભાળથી સવિનયે ચીર રહેતું છાઈ; ૯

ભાગ્યે હશે હૃદય હાવું ભલું દયાળુ—
જ્યહાં શાસ્ત્ર બાંધી ઉરભૂષણ તો રહેલું !
જોવા ઉચા ગુણ અને વળિ પ્રેમ ત્હેનો
ચક્ષુજ ચારુ રુડી 'એલન'નાં નિહાળો ! ૧૦

નિર્દોષ ભાવ સઘળા મનનાજ ત્હેના
દેખાડી દે વિમલ જેમ કટાક્ષ ત્હેના,
'કેટ્રીન' ભુરા નિજ, ન, દર્પણ માંહિ તેવું
પાડે સવૃક્ષ તટનું પ્રતિબિમ્બ સારૂં ! ૧૧

નાચે, શું ! કૃષ્ણ નયને કઈ હર્ષે ઝાઝો,
નિઃશ્વાસ દુઃખથી, દયા થકી નીકળે જો;
પુત્રીય પ્રેમ વળિ ત્યાંહિં પ્રદીપ્ત થાતો
કે નમ્ર પ્રાર્થન વહે દૃઢ ભક્તિથી જો; ૧૨

કે વાત પીડ તણી સાંભળી ઊછળે જો,
જે કોપ છે સહજ ઉત્તરવાસિયોનો;
અવ્યક્ત એક મનવૃત્તિ જ માત્ર તેણી
છૂપાવવી યુવતિ યોગ્ય જ માન ધારી;–
તે જવાલ, તો પણ, પવિત્ર હતો જ ભારે;–
હા ! તેહ ભાવ તણું નામ શું દેવું મ્હારે ! ૧૩

દ્રુત૦

નવ સુણ્યો કંઈ નાદજ શૃંગનો,
થઇ ગઈ અધીરી ઘણી તેથી તો;
પવનપે સ્વર તેણો તણો હવે
ગૂઢ થઈ મધુરો કંઈ તે વહે;— ૧

અનુષ્ટુપ્

"તાત! તાત!" વદી ત્હાં તે, ગિરિયો આસપાસના
લંબાવવા ચહે શું તે, મંદ તે શબ્દ તેહના! ૨

દ્રુત૦

વિરમિ તે પળ માત્ર પછી તહીં
પણ ન ઉત્તર તો મળિયો કંઈ. ૩

વસંત૦

"માલ્કમ્! થયો ધ્વનિજ શું તુજ શૃંગના આ?"
તે નામ મંદતર નીકળ્યું ને શમ્યું ત્હાં.
ત્હેના ધીમા સ્વરની ઊર્મિ ન પ્હોંચી સ્હામે
તેથી પડ્યા ન પડઘા તહિં તો જરાયે.
તે વેળ ત્હાં તરુઘટા મહિંથીજ આવ્યો
ને તે શિકારી વદિયો "જન હું અજાણ્યો." ૪

દ્રુત૦

ચકિત તો યુવતી થઇ તેથી તે
ત્વરિત તીરથી નાવ ખસેડીને
ગઇજિ, ને બિચ જ્યહાં પડ્યું અંતર,
ચિર બરોબર ઢાંક્યું સ્તનો પર,
ચમકી તેમજ હંસ ખસી ઉડે
વિખરી પાંખ્ય ફરીજ સમારી દે; ૫

વસંત૦

સંક્ષુબ્ધ વિસ્મિત ઘણી હતી તેણી ત્યાંયે
ત્યાંહીં જઇ પછીજ નિર્ભય તો થઈ તે;
ને કાંઇ ત્‍હા વિરમાં સુંદરીયે નિહાળ્યો
વિશ્રબ્ધચિત્ત થઇને જન લે અજાણ્યો. ૬
ત્‍હેની ન આકૃતિ અને નવ નેત્ર તેહ
રૂહે સર્વદા યુવતિયો દૂર જોઈ જેહ,
ત્‍હેના ગભીર વદને વચલી વયે આ
આછીજ અંકિત કરી દિધ પ્રાજ્ઞમુદ્રા; ૭
દાબ્યો નહી સરલ તોપણ તે સ્વભાવ,
ને ના શમાવ્યો દિધ યૌવનતીવ્રભાવ;
સોત્સાહ ને સહવિલાસ દાસેજ ત્યાંહી
ઉલ્લાસ શો રમ રહ્યો મનમોદદાયી; ૮
કર્તવ્યમાં દૃઢ મનોબળ તેહ ધારે
ને આત્મશક્તિ વળિ સાહસમાં વધારે;
તેજસ્વિ તેહજ કટાક્ષ સ્ફુલિંગરૂપ,
ઊઠે ભભૂકી ઝટ તેહ તણોજ જ્યોત,— ૯
કો વેળ પ્રેમ કંઈ સાહસયુક્ત ભાસે,
કો વેળ કોપ અવિચારિ થતોજ દીસે;
ઢાળ્યાં હતાં સકલ વિક્રમશાલિ અંગ
અત્યંત તે કઠિન સર્વ વિહારયોગ્ય, ૧૦
કે યોગ્ય તે વળિ પરાક્રમયુક્તયુદ્ધ-
બાંધો ઘણો સુદૃઢ તેહ તણો જણાય-
શાન્તિ તણા સમયને અનુલ વેશ
પ્હેર્યો હતો, નહિંજ સૈનિક જેમ લેશ; ૧૧

ન્હોતું ધર્યું કંઈજ શસ્ત્ર શિવાય ખડ્ગ,
ત્હેની મુખાકૃતિ દિસે અતિ ભવ્ય પ્રૌઢ;
ત્યાંહીં દિસે કુલીનતા હૃદયે ભરેલી
ને ત્ય્હાં જણાય સમરોચિત ગર્વ ભારી; ૧૨
શું રાજવશી જન કો ધરીને કિરીટ
તીરે ફરે સુદૃઢ બખ્તર પ્હેરી દીધ;
વિશ્રામ અન્નની હતી બહુ જે અપેક્ષા
ત્હેણે ગણી અતિજ ક્ષુદ્ર, કીધી ઉપેક્ષા; ૧૩
ને તેહ સુંદરી સમક્ષ કહ્યુંજ ત્હેણે
"ભૂલો પડયો નવ જડયો કઇ માર્ગ મૂને",
વાણી છુટી સરલ ને મધુરી સરી આ,
શબ્દો વળી વિનય ને મૃદુતાભરેલા; ૧૪
ત્હેને, તથાપિ, સ્વર તેહ હતો ગભીર,
ચેષ્ટા વળી વિનયયુક્ત હતીજ સર્વ,
ત્હેમાં હતું, પણ, કંઈ, થકી તે જણાય
આજ્ઞાની ટેવ, નહિં પ્રાર્થનની જરાય. ૧૫

ઉપજાતિ.

તે સુંદરીયે જન તે અજાણ્યો
ક્ષણેક ચક્ષુ સ્થિરથી નિહાળ્યો;
વિશ્વાસ પાછો મન માંહિ આવ્યો,
અંતે પછી ઉત્તર ત્યાંહિ વાળ્યો. ૧
"ભૂલા પડેલા ગિરિયો મહિં આ
મુસાફરો કાજ સદા ઉઘાડાં
ગૃહો ગિરિમાં વસતા જનોનાં
'હાયલેન્ડરો' નામથી ઓળખાતા; ૨

આવ્યા, ન ધારો અણુચિંતવ્યા આ,
એકાન્ત દ્વીપે વનવાસમાં આ;
જતાં રહે આ વનભૂમિપેંથી
બિંદુ બધાં ઝાકળનાં સુકાઈ
ત્હેનાંય પ્હેલાં અહિંઆં સ્હવારે
પથારીં બીછાવીં ત્હમારીં તો છે; ૩
જાબૂડીં પેલા ગિરિશીર્ષપેંથી
લાવ્યાજ મારી વિવિધાં સુપક્ષી;
અને તળાવે પૃથુ જાળ નાંખી
મત્સ્યો ઘણા આર્ણ્યાં મુક્યાજ રાખી; ૪
કાજે ત્હમારે સહુ તે, અહીંયાં
સંધ્યા સમે ભોજન અર્થ રાખ્યાં."
ત્હેણે કહ્યુ "સુંદર મ્હાર મુગ્ધે!
ખરે, ભુલે તું વિનયેજ આજે; ૫
ધારેલ મેમાન હશેજ કોય
તે માટ આ સ્વાગત સર્વ હોય;
પરંતુ અસ્થાન છું આંહિં હું તો,
લેવા મ્હને સ્વાગત હક્ક છે શો? ૬
અહિં તહિં હું ભમતાં જ માર્ગે,
આવી ચઢયો છું અહિં દૈવયોગે;
જતાં શિકારે મુજ માર્ગ ભૂલ્યો,
મિત્રો અને અશ્વજ ખોઈ બેઠો; ૭
હે સુંદરી! નિશ્ચય માનજે કે
ત્હારા ગિરિ કેરીં હવા મહીં મ્હેં

મ્હેલાં લીધો શ્વાસ નથી કદીયે,
નથી ફર્યો યે ગિરિમાળ માંહે. ૮
આ પાદ આજે મુકતાંજ વારે
વિચિત્ર આંહે સરને કિનારે,
સુદિવ્ય ભૂમિમહિં દિવ્ય દીઠી
આ સુંદરી મોહક ચારૂ મીઠી." ૯

ઉપજાતિ.

તે હોડકુ જ્યહાં તટ પાસ આવ્યું,—
ત્હેણે દિધો ઉત્તર, "માનું છું હુ"—
માનુ છું હુ સત્યજ કે કદીયે
મ્હેલાં ત્હમે 'કૅટ્રીન' ને કિનારે
નથીજ મૂકયો પગ આ ત્હમારો
વિશ્વાસ એ નિશ્ચય છે જ મ્હારો; ૧
પરંતુ, હે વીર! ગઈજ રાતે
આ જે દશામાં અહિં છો ત્હમે તે
કહીજ છે 'ઍલન બેન' વૃદ્ધે,
સુપૂજ્ય જ્ઞાની ભગવાન છે તે; ૨
એકાગ્ર કીધી હતી દૃષ્ટિ ત્હેણે
ભવિષ્યનું જ્ઞાન ઉકેલવાને;—
માર્ગે ઉગેલાં તરુ ભૂર્જનાં જ્યહાં
થાકી જઈ મૃત્યુ વશે પડયો ત્યહાં
ત્હેણે ત્હમારો હય શ્વેત ભાળ્યો,
હતો શૂરો જે અતિશે રૂપાળો; ૩

ત્હેણે ત્હમારી વદનાકૃતિનું
અને વળી સર્વ શરીરઘાટનું,
લીલા શિકારી સહુ વેશ કેરૂં
બધું કીધું વર્ણન સત્ય સારૂં,— ૪
પેલું મનોહારી શું ઓપ્યું શૃંગ!
સુશોભિતું કીધ લગાવિ ગુચ્છ;
પેલાં અસિનાં ફળ વક્ર, મૂઠ,
પેલી વળી ટોપી સપિચ્છ શ્રેષ્ઠ; ૫
પેલા, વળી શ્વાન શિકારી બે જે,
વિક્રાળ ને ઘોર ઘણા દીસે તે—
તે સર્વ ત્હેણે નિજ જ્ઞાનને
જોયું ખરે છે અહિંયાં રહીને. ૬
હેણે કહ્યું કે સહુએ તયાર
થવું જ દેવા શુભ આવકાર;
સારી સ્થિતિનો અતિ માનનીય
આવે અહિંયાં અતિથિ જ અદ્ય. ૭

દ્રુત૦

અવગણી પણ વાણી ભવિષ્યની
મુખથી નીકળી આમ જ તેહની;
મુજ પિતા તણું શૃંગ જ વાગ્યું આ
મન વિશે થયું એમ જ માહરા,
જવ સુણ્યા પડઘા પડતા બધા
સર પરેથી અહિં સરતા હતા.” ૧

વસંત૦

ત્હેણે કંઈ હશી કહ્યું "ગૃહ આજ ત્હારે
આવી ચઢ્યો છું ભમતો વીર દૈવયોગે;
છે સત્યવાદી અતિવૃદ્ધ ભવિષ્યવેત્તા
જેણે કહ્યું પ્રથમથી મુજ આવવું આ; ૧
નિર્માણ નિશ્ચય હશે થયું માટ મ્હારે
કોઈ પરાક્રમ મહાન ઘણું જ ભારે;
માથે લઈશ બહુ સ્હેલથી કાર્ય હેવાં
પેલાં રસીક નવયૌવનસુંદરીનાં
ચારૂચકોર રસીલાં દીપતાં જ તેજે
નેનો તણા હૃદયસ્પર્શી કટાક્ષ કાજે. ૨
હું કારીને પ્રથમ તો લઈ દે જવા તું;
રૂડું મ્હને સરનીરે તુજ નાવ ન્હાનું."
કાંઈ ઉંડુ યુવતિ તે સ્મિતને દબાવી
કાર્યે મથેલ અપરિચિત તેહ જોતી; ૩
ભાગ્યેજ, નિશ્ચય કદી પણ આજ પ્હેલાં
ઝાલ્યાં હશે નિજ કુલીન કરે હલેસાં;
તોયે ઘણા બળથી મારી રહ્યો હલેસાં
ને નાવડું સરપરે સર્યું સત્વરે ત્યહાં; ૪
માથાં સીધાં ધરી ઉંચાં ભસતા ન્હીંડાઈ
શ્વાનો શિકારી તરવા મથતા પછાડી,
તે નાવદંડ જળથી ચળકીજ રહેતા,
તે વારવાર પણ ત્યહાં નહિ ભાગી દેતા
રૂડા સરોવર તણા કંઇ શ્યામ થાતા
સંધ્યા તણે સમય, દર્પણ, ત્યાંહિ જાતાં;

તે દ્વીપ પાસ પછીં બે જણુ આવીં પ્હોંચ્યાં,
ને લંગર્યું સરતીરે નિજ નાવડું ત્ય્હાં. ૫
તે વેળ જોઈ રહિયો જન તે અજાણ્યો
ત્ય્હાં આસપાસ સઘળો સરનો કિનારો;
ત્ય્હાં ઝાડી વૃક્ષતણીં ગીચ ઉગીજ હેવી
કે ના જણાય પથ કે પગથીય કાંઇ;
સંચાર માનવીં તણા પગનો અહીંયાં
હોયે બહુ, નહિં જણાયજ ચિહ્ન હેવાં. ૬

પરંતુ તે પર્વતકન્યકાએ
બતાવિયો માર્ગ જતોજ ઊંચે;
દીઠો તહિંયાં અણુધારિયો તે
અહિં ન્હણે દૂર ચઢી જતો એ; ૧
વાંકોચુકો વૃક્ષ ઘટા મહીં તે
ફરી ફરીને વળી બ્હાર આવે,
જાયે લીલી સાંકડી ભૂમિ મધ્યે
જ્ય્હાં વૃક્ષ વેલા વિવિધાંજ ઝૂલે; ૨
ને લમ્બ શાખા થકિ તેહ સર્વે
તે ભૂમિને સાફ કરીજ નાંખે;
આવે સમો કો ભયનોજ જ્ય્હારે
લેવા કિધો આશ્રય કાજ ત્ય્હારે
આંહિં મહાનાયકરાજ કોએ
રૂડો કંઈ મણ્ડપ ગ્રામ્ય સ્હામે. ૩
તે પર્ણશાળા હતિ તો વિશાળ,

પરંતુ ત્હેની રચના વિચિત્ર;
કારીગરે, ત્યાંહિજ આસપાસ
લાગ્યાં હશે તૂર્તજ સર્વ હાથ
તે સાધનો વાપરીને બનાવ્યું
અરણ્યમાં આ ગૃહ સ્વચ્છ સારૂં; ૪
સિંદૂર ને સાગ તરૂ વસે જે
પ્રચંડ મ્હોટાં બળવાન ભારે,
વિચ્છિન્ન શાખા સહુ કીધ ત્હેની
ને છાલ ત્હેનાં થડથી ઉખેડી,
ઘડેલ કહાડીથી જેમ તેમ
ભીંતો ઉંચી ત્ય્હાં કરવા મળેલ; ૫
ને પર્ણ, માટી, વળી લીલ સર્વે
ભેગાં કરીને તહિં વાપર્યાં છે,
ભીંતો મહિં છિદ્ર તડો રહ્યાં જે
વાયુથકી તે સહુ રક્ષવાને; ૬
ન્હાનાં બીજાં જે તરુ પાતળાં તે
કામે લીધાં મોભ બનાવવાને;
ને પર્ણ ને ઘાસ સુકાંયલાં જે
તેથી બન્યું છાપરૂં ભૂખરૂં છે. ૭
મેદાન લીલું હતું તેહ સ્હામે
પાશ્ચમમાં ગ્રામ્ય અગાશી ભાસે;
ને સાગ ફ્હાડી સહુ છાલ સાથે
બની અકૃત્રિમજ થાંભલા તે
ટકાવી રાખે કરી ત્યાંહિ ઊંચી
રૂડી ઘણી તે દિસતી અગાશી; ૮

ને ઍલને તો નિજ હાથથી ત્ય્હાં
ચઢાવી વેલા વિવિધાજ દીધા–
કો દ્રાક્ષના ને શુભ માધવી કો–
ભૂરાં વળી પુષ્પજ ધારતા કો– ૯
ત્હેને હતાં તે પ્રિય પુષ્પ સર્વ–
ગર્વે ધર્યું નામ કુમારીકુંજ;
અને હતા ત્ય્હાં બહુ છોડ જેહ
ખમી સકે કૅટ્રીનવાયુ તીવ્ર; ૧૦
અગાશી નીચે પળ એક થોભી
ને તે અજાણ્યા જનને નિહાળી
વદી વિનોદે–"ગૃહ આ હમારૂં
છે મોહથી પૂર્ણ કહુંજ સાચું–
સંભારી, માટે, પ્રભુને, પ્રિયાને
પ્રવેશ માંહિ કર્યં, વીર ! આજે. ૧૧

" સુકોમળાંગી મુજ માર્ગદર્શિકા !
તું જાય ત્ય્હાં પાછળ આવવામાં–
આશા સમાઈ મુજ સર્વ ત્હેમાં–
પ્રભુત્ય મ્હારો વશિયોજ ત્હેમાં–
વિશ્વાસ મ્હારો વળિ છેજ હેમાં–
નિશ્ચેજ મ્હારૂં સુખધામ હેમાં. " ૧૨
ઓળંગિયો આ વદી ઊંબરો જ્ય્હાં
થયો ધ્વનિ ક્રુદ્ધજ શસ્ત્રનો ત્ય્હાં;
પ્રતાપી ત્હેને મુખ શૌર્યપૂર્ણે
જુસ્સો રહ્યો આવી તહિં ધસીને;

પરંતુ જાણી ભય તે નકામો
લજ્જા કંઇ તુર્ત જ તેહ પામ્યો. ૧૩

ઇંદ્રવંશા મિશ્ર ઉપજાતિ.

ત્યાંહિંજ મ્હોટા મૃગ શૃંગ ઊપર
જે મ્યાન નાંખી મુકયું જેમ તેમ,
રહ્યું હતું ત્ય્હાં લટકી જ તેહ,
તે માંહિથી તે ગૃહભૂમિ ઊપર
પડી ઉઘાડી તલવાર દીઠી,
થયો હતો તે ધ્વનિ ત્યાંહિ જેથી. ૧
કો યુદ્ધ કે કો મૃગયા મહીંથી
લાવેલ સારાં જયચિહ્ન તેથી
ચોપાસ ભીંતો શણગારી દીધી
શોભે ઘણી ચિત્ર વિચિત્ર તેથી; ૨
ન્હાની અહીં ઢાલ તહિંજ શૃંગ,
ભેરી અહીં ને તૂરી તેહ સંગ,
ત્હણે વળી છે પરશુ મુકેલો,
અને અહિંયાં મૃગયાર્થ ભાલો, ૩
અને અહિં છે અસિ તીક્ષ્ણ ધાર,
તહિં ધનુ બાણ રહ્યાં અપાર;
વરાહ મ્હોટા બળવાનનાં ત્ય્હાં
સશૃંગ દ્રંષ્ટ્રા વળિ શીર્ષ મૂક્યાં; ૪
અહિં વરૂ દાંત બતાવી ઊભું
જેવું હશે મૃત્યુ સમેજ તેવું;
અને તહિં રાની બિલાડી કેરાં

વિચિત્ર છે ચર્મ ઘણાં રૂડેરાં; ૫
કુરંગનાં શૃંગ જ કો દીપાવે
કો માથું મ્હોટુ મહિષીનું ઢાંકે;
ધ્વજા પતાકાય વિશીર્ણ ત્યાંહિં,
લોહી તણા ડાઘ પડેલ જ્યાંહિં; ૬
ધોળાં વળી કૃષ્ણ, વિચિત્ર હેવાં
જૂદાં જૂદાં ત્ય્હાં મૃગ ચર્મ કેવાં!
માર્જાર જે છે જલવાસી ત્હેના,
અને વસે ત્ય્હાં મકરોય ત્હેના
હતા અહિં વાળ ઘણા સુવાળા
દેખાય તે તો અતિશે રૂપાળા; ૭
બનાવિ દે તે મળિ સર્વ આમ
વિચિત્ર કેવા પડદા જ ગ્રામ્ય;
ને વન્ય મ્હોટો ગૃહખંડ આ છે
ત્હેને બધાં આ શણગારી દેછે. ૮

વસંત૦

ત્હેણે થઈ ચકિત ચોતરફે નિહાળ્યું,
ઊપાડ્યું તેહ પછી શસ્ત્ર તહિં પડેલું;
થોડા હશેજ બળવાન્ ભુજ એહવા કે
ઝાલી સીધી કરી સકે અસિ લાંબી તે જે; ૧
ને જેવી તેહ તલવાર ધીમે ધરીને
ઊંચે હલાવી ગ્રહી તે સમતોલ ત્હેણે,
બોલ્યો "ન જાણું, વિણ એકજ, હું કદાપિ
બાહુ બલિષ્ઠ જન જેહ તણા તથાપિ

હોયે સમર્થ, સમરાંગણ માંહિ તો, તે
હાવી પ્રચંડ સમશેરજ ધારવાને." ૨

ઉપ૦

નિશ્વાસ મૂકયો સુણી તેણીએ તે,
પછી વદી મંદ કંઇ હસીને;—

વસંત૦

"જૂઓ ત્હમે તમ સમક્ષ જ તેગ આ જે,
તે તો પિતાજી અમ રક્ષક વીરની છે,
હાલે ઘણી હલકી હસ્ત મહિં જ ત્હેના,
શાખા તરૂ તણી યથા કર માહિં મ્હારા; ૧
યોદ્ધા પુરાણુસમયે પ્રગટ્યા પ્રચંડ,
જેના હતા પ્રબળ ને દૃઢ બાહુ-દંડ,
ત્હેના સમી ઉંચી કદાવર મ્હોટી ભવ્ય,
મ્હારા પિતાજી તણી આકૃતિ છે જ દિવ્ય. ૨
તે છે મહા પુરુષ તો નહિં ઘેર આજે,
આ ત્હેમના ગઢ વિશે અહિં હાલ રૂહે છે
સર્વે સ્ત્રિયોજ, ગૃહસેવકસાથ જૂનો;"
હેવું વદી યુવતિ તે રૂપનો નમૂનો. ૩

દ્રુત૦

ગૃહ તણી ગૃહિણી તહિં આવી જ્યહાં
યુવક ને યુવતી જ ઉભાં રહ્યાં;
વય મહિં દિસતી કંઇ પ્રૌઢ તે
રૂપ મહિં લલિતા રમણીય તે, ૧
ગતિ મહિં સરલા સવિલાસ તે,
રીતિ મહિં બધી ગૌરવવાળી તે;

નકૌજ રાજકુલે બહુ શોભી રૂહે,
હતિજ હેવી મનોહર નારી એ;
યુવતિ ઍલન તે નિજ માશીને
જનની આપ સમાનજ માન દે. ૨

વસંત૦

માતા ગયે, પ્રીતિ હતી ઠરી એહનામાં,
સંબંધીના નહિજ એહવો જાણવામાં,
સત્કાર તે અતિથિને બહુ યોગ્ય આપ્યો,
સન્માન સર્વ વિધિથી વિનયેથી પામ્યો; ૧
આતિથ્ય તે ગૃહિણીયે દીધું હેવું ત્હેને,
ત્હેનું ન નામ કુલ વંશ પુછ્યું કંઈએ;
તે કાળમાં અતિથિને હતું માન હેવું
કે શત્રુ ક્રૂરતમ આવી ચઢે, પરંતુ,
સામેલ ભોજન મહિં તહિં તેય થાય,
પૂરૂં થયે, વણ પુછયે, વળિ ચાલી જાય. ૨

દોહરો.

અંતે જણાવ્યા તેહણે નિજ પદવી નિજ નામ,—
'સ્નાઉડન કેરો વીર છું, જેમ્સ્–ફ્રીટ્ઝ્–જેમ્સજ નામ.' ૧

ઉપ૦

"છે વારસો ખાલીજ નામનો જે
મ્હારા, કંઇ કાળથી, વંશજોયે
મહા શ્રમેથી સમશેરથી તો
સ્વહસ્ત રાખ્યો, પતિ હુંજ ત્હેનો. ૨
મ્હારા પિતા વિગ્રહમાં જ હેવા
પડ્યા રણે એજ બચાવવામાં;

ને મ્હારે, ઈશ્વર સાક્ષી છે, કે,
ઘણીય વેળા લઢવું પડયું છે
ધરી કરે આ તલવાર ભારે,
છે હક્ક મ્હારો જ બતાવવા તે. ૩

છે એક મ્હોટો સરદાર 'મોરે'
ત્હેના શિકારીજનસંઘ સાથે
કુરંગ મ્હોટાની પડયો હું પૂઠે
આજે સ્હવારે; પણ વ્યર્થ સર્વે. ૪

ઘણો ગયો આગળ સાથીયોની,
મળ્યો નહિં તે મૃગરાજ ક્યાંહીં,
ખોયો જ મ્હારો પ્રિય અશ્વ ત્યાંહિં,
આવ્યો ચઢી હું ભમતો જ આંહીં." ૫

તે વીરનેયે પુછવા જ સ્હામું
ઈચ્છા થઈ ઍલનના પિતાનું
શું નામ ને શી પદવી જ ત્હેની—
તે સર્વ તે તો પુછતે ખુશીથી. ૬

તે પ્રૌઢ સ્ત્રીની વદનાકૃતિએ
જણાવી દીધું રીત સ્પષ્ટથી કે
મ્હોટાં પુરો, રાજકુલો ઘણાંયે
જોયા હશે ને રહી ત્યહાં હશે એ. ૭

વસંત૦

લાવણ્ય છે સરલ ઍલનના સ્વરૂપે
શોભે ઘણું જ યુવતી વનવાસિનીને;

વાણી, વિલાસ, વદનાકૃતિ, હાવભાવે,
દેખાતી કે કુલીન વંશથી ઊપની તે; ૧
બુદ્ધિ અને વિનયને રૂપ–સર્વ હાવાં
મુશ્કેલ ગ્રામ્યજનમાં મળી તેહ રૂહેવાં.
સ્નાઉડન્ તણા વીરજને કીધી સૂચના જે
ગંભીર મૌન ધરીને સુણી માર્ગરેટે; ૨
આનંદી નિષ્કપટ ઍલન છે સ્વભાવે,
ત્હેણેય પ્રશ્ન સહુ તે સવિનોદ ભાવે
ઊડાવી દીધ દઇ ઉત્તર વીરને તે,
મુગ્ધા વળી વિનયપૂર્વક કહેતી ત્હેનેઃ—૩

મોહિની ગીત.

(બતાદે સખી૦ એ રાહ)

" હમેતો, વીરા, અદ્ભુત મોહક નાર !
ગિરિ ગહ્વર ને ખીણ ખુણામાં
નિત્ય હમે વસનાર;—હમેતો૦ ૧
મ્હોટા મ્હોટાં નગર ગઢોથી
દૂર હમે રૂહેનાર;—હમેતો૦ ૨
પાણી કેરૂં પૂર ચઢે જ્યહાં
અટકાવી રાખનાર;—હમેતો૦ ૩
પવન તણી પણ પાંખો ઊપર
પલાણ કરી ઉડનાર;—હમેતો૦ ૪
ભમતાં વીરો આવી ચઢે જવ
મોહ–મંત્ર ભણનાર;—હમેતો૦ ૫

અદૃશ્ય ગાયક બજવે વીણા,
(ત્ય્હારે) મોહક ગાન ગાનાર;–હમેતો૦ ૬

વસંત૦

ને તેણીયે મધુર સૂરથી ગાયું ગાન;
વીણા અદૃશ્ય બિચમાં પુરતીજ તાન.—

વીરવિશ્રાન્તિ.

મ્હાડ.

મ્હારા શૂરા યોદ્ધા વીરરે! લેજે તું વિરામ,
રણસંગ્રામ શમી ગયે તું
લેજે, વીર ' વિશ્રામ,
અત્યંત ગાઢી નિદ્રા તું લેજે
મળશે કાંઇ આરામ;–મ્હારા૦ ૧
સ્વપ્ન મહિં તું જોતો ન હાવા,
સમરાંગણસંગ્રામ,
ભયભરિયા દિન જોતો ન રાત્રિ
જાગ્યો જેહ તમામ;–મ્હારા૦ ૨
અમ દ્વીપમહીં ગૃહ માયામયિ આ
છે અમ જે સુખધામ,
અદૃશ્ય કર કોઈ ત્ય્હાં તુજ શય્યા
પાથરે, જો તું આમ;–
મ્હારા શરા યોદ્ધા વીરરે! લેજે તું વિરામ. ૩
મોહક ગીતસુરો સરંતા
લાગે મધુરા નિતાંત,

સર્વેન્દ્રિય નિદ્રામાં હારી
હિમસમ કરતા શાન્ત–
વીરા ! યુદ્ધ થયું પૂરૂં ત્હારૂંરે ! થાજે તું વિશ્રાન્ત. ૪
રણભૂમિ તણાં સ્વપ્નાં ન જોતો,
સૂજે રાખી નિરાંત;
વિણ વિક્ષેપ વિનિદ્રિત થાજે
રહેજે તું નિર્ભ્રાન્ત;—વીરા ! ૫
શ્રમના દિન વીત્યા ને વીતી
ઉજાગરાની રાત,
સુખમાં વીરા ! પોઢય હવે તો
ઉઠજે રમ્ય પ્રભાત;—વીરા ! ૬

ગઝલ.

કઠોર શબ્દો કો હવે નવ કર્ણપેં ત્હારા પડે,
નવ બખ્તરો સમરાંગણે લઢતા વીરોનાં ખડખડે; ૧
લગામ રણહય ચાવીને નવ શબ્દ કરતા ત્યહાં હવે,
રણશૃંગ કે રણગીત પણ નવ સંભળાયે આહવે; ૨
અશ્વદળ ભેગું થતું કે પાયદળ પગ ઠોકતું
આવે નહીં, કાં શૃંગ કે, નવ, ગીત તે બોલાવતું. ૩
ચંડોલની તીણી વાંસળી, વેરાન સૂકા ક્ષેત્રથી,
પ્હો ફાટતાં જ પ્હરોડમાં તે સંભળાશે વાગતી. ૪
જલચર પક્ષિયો કરશે ઘણાં શા દુંદુભિના નાદ ત્યહ
જલપૂર્ણ સ્થાને છાછરાં, છે ઘાસ સરકટ જ્યહાં ઉગ્યાં;
કઠોરતર શબ્દો હવે નહિ આવશે તુજ પાસ કો,
નવ પૂછશે, નવ ટોકશે, અહિં સૈનિકો કે રક્ષકો;

રણુઅશ્વના ખોંખારના શબ્દો અહિં નહિં આવશે,
ઘોંઘાટ હયદળનો અને નવ પાયદળનો તો થશે. ૭

વસંત૦

તેણી વિરામી—પછી માંડયું, સલજ્જ ગાન,
ત્હેનું વળી કિધુંજ સ્વાગત દીધું માન—
આવી ચઢયો તહિં હતો જન જે અજાણ્યો,
આજે થયો યુવતિનો વનમાં પ્હરોણો. ૧

ત્હેના સુમંજુલ સુરો, અવરોહ તાન
લંબાવતા કંઇક, જ્યહાં વહી ચાલ્યું ગાન;
ને નીકળ્યું સહજ ગીત મુખેથી ત્હેના;
સારાં રચેલ પદ છે સ્વરબદ્ધ જ્હેનાં. ૨

ગઝલ.

શિકારી હો! વિરમ્ય આજે
પૂરી મૃગયા હવે થઈ છે,
હમારા મોહ—મંત્રોથી
જઈશ ઘેરાઇ નિદ્રાથી; ૧
ન ધારીશ, સૂર્ય ઊગે જ્યહાં,
જગાડે શૃંગ વાગી ત્યહાં,
સુજે! મૃગ તો ગુહામાં છે
સુજે! શ્વાનો તું પાસે છે, ૨
સુજે! સૂજે! નિરાંતે તું,
ન સ્વપ્નાં ઊંઘમાં જો તું—
પ્હણે ઊડી ઓંણે ઘોડો

પડ્યો મરતો શૂરો રૂડો,— ૩
શિકારી હો! વિરમ્ય આજે,
પૂરી મૃગયાં હવે થઈ છે;
ચઢ્યો દિન હેવું મન માહિં
વિચારિશ તું નહીં કાંઈ—
પ્રભાતે શૃંગ વાગીને
જગાડે નહિં અહિં તુંને. ૪

ઉપજાતિ

કર્યો બધો તે ગૃહખંડ ખાલી,
ને તે અજાણ્યા જન માટ ત્યાંહિં
બિછાવીને પર્વતઘાસ સારી
સુંવાળી તે પાથરી છે પથારી— ૧
ઘણા ગયા સૂઇ જહિં પ્હરોણા
જે સ્વપ્ન જોતા વનની ક્રીડાનાં—
પરંતુ ત્હેના શીષ આસપાસ
વેરે વૃથા ત્ય્હાં વન પુષ્પ વાસ— ૨
અને વળી 'એલન'–મંત્ર–જાપ
ત્હેનો ઘણો વ્યાકુલ ચિત્તતાપ
નહીં સકે તે કરી કાંઈ શાન્ત,
ઉંઘ્યો ન, જોકે બહુ તેહ શ્રાન્ત— ૩
અનેક દુઃખો ભય ને વ્યથાનાં
ભાગ્યાં તુટયાં થાય ખડાંજ સ્વપ્નાં—
ઘડી મહીં કંટક ભૂમિ ઊપરે
ઘોડો, શું, હેનો લથડાઇ ચાલે! ૪

વળી ઘડીમાં સરવારિ ઊપરે
હોડી, શું, હેની ડુબતીજ ભાસે !
હાર્યાથી ભંગાણ પડેલ સૈન્યે
પોતેજ સેનાપતિ ત્યાહિં ભાસે; ૫
પડી પતાકા, તુટિયોજ દંડ,
ત્હેનો થયો છે તહિં માનભંગ—
પછી—" પ્રભો મ્હારી પથારીમાંથી
સ્વર્ગીય શક્તિ થકી દૂર કાઢી
મૂકો નિશાની અતિશે નઠારી
માયિક સૃષ્ટિ ઉપનીજ હાવી ! "— ૬
વિશ્વાસ નિઃશંકજ સત્ય કેરા,
જુવાનીનાં ચિત્ર દીઠાંજ પાછાં—
બહુ સમોથી પડિયાં વિખૂટાં
જે મિત્ર કેરાં હૃદયો જ ત્હેના
તેઓની સાથે નિજ આત્મ જાણે
પાછો વળી સ્વપ્ન મહીંજ જોડે— ૭
અનુક્રમે એક પછી જ એક
તે સર્વ આવ્યા તહિં તે સમક્ષ—
તેમાં હતા બેદરકાર કોઈ,
વિશ્વાસઘાતી પણ મિત્ર કોઈ, ૮
અને વળી કો મૃત મિત્ર તેમા—
આકાર દીઠા સહુનાજ ઝાંખા—
પ્રેમાળ શું હાથ ! ઉમંગી મ્હોં, શું !
કાલેજ છૂટા પડિયા હતા શું ! ૯
આ જોઈ શંકાશીલ તે બન્યો કે—
છે દૃષ્ટિ ખોટી મુજ કે ખરી છે !

વસંત૦

છે સ્વપ્ન મૃત્યુ તણું કે તુટી મૈત્રીનું એ,
કે સ્વપ્ન માત્ર જુઠું છે દીઠું જે બધુંયે ! ૧૦

ઉપજાતિ.

અન્તે હવે ઍલન સંગ કુંજે
સુખેથી ત્યાંહિં ફરતો ઉમંગે,
ને પ્રેમવાર્તા કરતો વિનોદે-
જણાયું હેવું કરતોજ પોતે-
નિઃશ્વાસ નાંખ્યો, કંઈ પામી લજ્જા,
ત્હેણે સુણ્યું જે કહ્યું તેહણે ત્યહાં; ૧૧

દ્રુત૦

પ્રણુય પ્રાર્થન આગ્રહપૂર્વકે
યુવતિ પાસ કર્યું હતું તેહણે,
ધરિ રહ્યો મનમાંહિ યુવાન તે
રમણીપ્રેમ તણી ઉચી આશને. ૧૨

અનુષ્ટુપ્૦

આપેલો કર તેણીનો ગ્રહવાને ગયો જહીં
હસ્તત્રાણુ તણો શીત સ્પર્શ ત્હેને થયો તહીં. ૧૩
સ્વપ્નાકૃતિ તણી જાતિ બદલાઇ પળમાં ગઈ,
ને બખ્તર તણી ટોપી માથાપેં ચળકી રહી. ૧૪
ધીમે ધીમે વધી મૂર્તિ ને ધર્યું કદ રાક્ષસી,
વદને શ્યામતા વ્યાપી આંખ્યે ભીષણુતા ધરી- ૧૫
ભયાનક અને ઉગ્ર વૃદ્ધ ત્હેની મુખાકૃતિ,
તોયે ઍલનનું સામ્ય કાંઇ ધારતી તે હતી, ૧૬

દ્રુત૦

ઝબકી જાગી ઉઠયો ઉંઘમાં થકી
ભયથી છાતી ઘણી ધડકી રહી;
દીઠું'તું સ્વપ્ન મહિં બધું રાત્રિયે,
સકલ સાંભરી આવ્યું ફરી હવે. ૧૭

વસંત૦

અંગાર રક્ત ચૂલમા કઈ હોલવાતા,
ઘેરો નીલો તહિં પ્રકાશજ પાડતા'તા,
દેખાડતા કઈ, છુપાવત કાંઈ, સર્વે
ત્યાંહિં વિચિત્ર જયચિહ્‌ન રહેલ ખડે; ૧૮
ઊંચે પ્રચંડ અસિ તે લટકી હતી જ્યહાં
ચ્હોંટાડી દૃષ્ટિ નિજ તે પર તેહણે ત્યહાં;
આવ્યા અનેક ઉપરાઉપરી વિચાર—
આવ્યા, અસંખ્ય વળી કાઢી મુકીજ દૂર-
દેવા શમાવી ચકરી ભ્રમકારી, અન્તે
ઊઠયો, અને વિમલ ચાંદનીમાં ગયો તે. ૧૯

વસંત૦

ચમેલી જંગલી ગુલાબ ફુલો જુઇનાં
ચોપાસ વાસ મધુરો બહુ વેરી દે ત્યહાં;
ને ભૂર્જ વૃક્ષથી ઝરે રસ ત્યહાં સુગંધી,
જાણે કરે રુદન તે તરુ અશ્રુ પાડી; ૧
ને કેળ પિપ્પલ વળી વનવૃક્ષ બીજાં
અત્યંત શાન્ત નભનીચ રહ્યાંજ સૂતાં;
રૂપેરી તેજ સ્ફુરતી ઘુતિથી દીપે છે,
વારિ વિશાળ અતિ શાન્ત પરે રમે છે; ૨

ઉન્મત્ત તે હૃદય જેહનીં વૃત્તિ થાયે
સંક્ષુબ્ધ શાન્તિદ શશીકિરણો છતાંયે;
ત્હેને થઈ અસર શીતળતા તણી તે
બોલ્યોજ વીર અતિથિ મનમાંહિં પોતે— ૩

“વર્ષોથીં જે કુલ બધું થયું દેશપાર
આવે છ સાંભરીં મ્હને કયમ વારવાર ?
હેવી નિહાળીં સકું ના ગિરિકન્યકા હું
‘ડગ્લાસ’–આંખ્ય નવ હોય જ ધારતી શું ? ૪

જોઈ સકું નહિ અસિ ગિરિવાસિની હું
‘ડગ્લાસ’–વીરકર યોગ્ય ન હોય જે શું ?
સંતપ્ત ચિત્ત અતિ વ્યાકુળ આ થયું છે,
તે વેળ સ્વપ્ન વળીં કાંઇ મ્હને દીસે જે, ૫

‘ડગ્લાસ’ ત્યાહિ પણ આવીં ઉભો રહે છે—
ત્હેના વિના વિષય તો નવ શું બીજો છે ?
સ્વપ્નું હવે નહિજ દેઇશ આવવા હું—
ધારી મનોબળ વળી દૃઢતા હું રાખું— ૬

સત્યેજ, જે પુરુષ હિંમતવાન હોયે,—
ખૂવે નહિં નિજ મનોબળ ઊંઘમાંયે;
આ મધ્યરાત્રિસમયે કરીં પ્રાર્થના હું
સૂઇ જઇશ પછીં સ્વપ્ન નહીંજ જોઊં.” ૭

વિષમ હરિગીત. -

મધ્ય રાત્રિયે કીંધી પ્રભુપ્રાર્થના બહુ ભક્તિથી,
ને હેમમાળા ફેરવી કઈ પ્રેમથી ને શાન્તિથી; ૧

સર્વ ચિન્તા દુઃખ દીધાં અર્પિ પ્રભુના પાદમાં
ને શાન્તિ પામ્યો ને પડયો ગાઢી અભંગજ નીંદમાં;
ઊઠિયો, જ્યહાં તીવ્રનાદે કૂકડો પૂકારિયો
ને 'બેન વેન્યુ' ઊપરે ત્યહાં અરુણ તરુણ જવ ઊગિયો.

સમજૂતી.

વિચ–એલ્મ=એલ્મ નામનું પર્વત ઉપર થતું પ્હોળાં પાંદડાંનું એક વૃક્ષ. મુસાફરીમાં સારા ભાગ્યે કાંઇ અડચણ આવે નહીં હેવા હેતુથી આ ઝાડની ડાળીઓ ઘોડાની ચાબૂક તરીકે સ્કૉટલેન્ડ દેશમાં વપરાતી.

સેન્ટફિલાન=એક પવિત્ર ગણાતા સરોવરનું નામ છે. ગાંડપણ મટાડવાના ઉપાય તરીકે હેનું પાણી ઉપયોગી ગણાતું હતું. ગાડા માણસને આ સરોવરના પાણીમાં અમુક દિવસે સૂર્યાસ્ત પછી ઝબોળીને દોરડા વતી તેને અમુક પ્રકારની ગાંઠ વાળીને બાધવામાં આવતો અને પછી સેન્ટ ફીલાન નામના સાધુ પુરુષના નામથી ઓળખાતા એક દેવળના એક ખૂણામાં–જેને સેન્ટફીલાનની પથારી કહેતા ત્ય્હાં–મૂકવામાં આવતો. જો સ્હવારે ગાંઠ છૂટેલી જણાતી તો તે માણસને આરામ થવાની આશા રાખવામાં આવતી હતી.

કૅલૉડન=અર્વાચીન સ્કૉટલેન્ડના ઉત્તર–પશ્ચિમ તરફના ભાગનું નામ હતું.

મોનાનસ્રોત=મોનાન નામના ક્રીશ્ચીઅન સાધુ પુરૂષના નામનું એક ઝરણું.

ગ્લેનાટર્ની=એક પર્વતની ખીણનું નામ.

બેન્વોર્લીક=૩૩૦૦ ફીટ ઉંચા એક પર્વતનું નામ.

'દૂષિતો' વાયુ=શિકારીઓના વાસથી ભરેલો વાયુ એટલે હેમનાં શરીરને સ્પર્શ કરીને તે મૃગરાજ તરફ વાતો પવન જે સુંઘ્યાથી મૃગ તથા હેવી જાત-નાં–ઘોડા, કૂતરા વગેરે–પ્રાણીઓ સમજી સકે છે કે અમુક પ્રાણી કે વસ્તુ તે વાયુ જે દિશા-માથી વાય છે તે દિશામાં છે.

યૂઆમ–વૉરૂ=પવતના ઉચા ભાગમા આવેલી એક મ્હોટી વિશાળ ગુફાનું નામ.

મે-ટીથ=એક પ્હોળી વિશાળ ખીણનું નામ.

લૉકાર્ડ=એક સરોવરનું નામ.

ઍબર ફૉઇલ=એક ન્હાના ગામડાનું નામ.

ઍક્રે=એક ન્હાના સરોવરનું નામ.

બેન્વેન્યુ=એક પર્વત–'વચલા પર્વત'–નું નામ.

બેનલેડી=એક પર્વત–'ઇશ્વરના પર્વત'–નું નામ.

બોકાસલ=એક સપાટ મેદાનનું નામ.

ટીથ='વ્હોઇલ' તથા 'કૅટ્રીન' નામનાં સરોવરમાંથી વહી જતા પ્રવાહના સંગમથી થએલી એક નદીનું નામ.

કેમ્બસ મોર='કેટી' તથા 'ટીથ' નામની નદીઓના સંગમ પાસે આવેલી એક જાગીરનું નામ.

વેનકાર=પાચ માઇલ લાંબુ અને દોઢ માઇલ પ્હોળું એક રમણીય સરોવર.

ટર્ક પુલ='ઍક્રે' તથા 'વેનકાર' નામનાં સરોવરોને વચ-ગાળે આવેલા એક પૂલનું નામ છે. હેનો અર્થ "જંગલી સુવરનો પૂલ" હેવો થાય છે કારણ

કે આ સ્થળે એક હેવા સુવરને મારવામાં આ-
વ્યું હતું.

ટ્રોસેક=" વિષમ પ્રદેશ "; 'કૅટ્રીન' તથા 'વેન્નકાર' સરોવ-
રોના મધ્યના પ્રદેશનું નામ. સામાન્ય રીતે
'કૅટ્રીન' અને 'ઍક્રે' સરોવરોને જોડનાર ઝાડી-
વાળો માર્ગ એ નામથી ઓળખાય છે.

સીન=ફ્રાન્સ દેશની મ્હોટામાં મ્હોટી નદીઓમાંની ચોથી નદી.

શિનાર='નોહા' નામના પુરૂષના વંશજોએ 'બેબલ' નામનો
એક મ્હોટો મીનારો જે મેદાન ઉપર બાંધવાનો
પ્રયત્ન કર્યો હતો તે મેદાનનુ નામ. ક્રીશ્ચિયન
લોકના પવિત્ર ધર્મ ગ્રન્થમાં આ મીનારા સબંધી
એમ કહેવામાં આવ્યુ છે કે પ્રથમ આખી પૃ-
થ્વી ઉપર એકજ ભાષા તથા એકજ પ્રકારની
બોલી હતી; અને 'નોહા'ના વંશજો પૂર્વમાંથી
મુસાફરી કરતા આવ્યા ત્હારે તેમણે 'શિનાર'
ની ભૂમિમાં એક મેદાન જોયું અને તેઓ ત્હાં
રહ્યા; અને તેઓ એક બીજાને કહેવા લાગ્યા
કે ચાલો, આપણે ઈંટો બનાવીએ અને ચૂનો
કરીએ; અને એક શેહેર તથા એક મીનારો
હેવો બાંધીએ કે જેનું શિખર આકાશ સૂધી
પ્હોંચે; આપણે કદાચ્ આખી પૃથ્વી ઉપર જૂદે
જૂદે સ્થળે છૂટા પડી જઇશું માટે આપણે
એક નામ કરીએ. મનુષ્યનાં બાળકોએ બાંધેલુ
આ શેહેર તથા મીનારો જોવા માટે ઇશ્વર
બોલ્યા કે આ લોક હાલ એકઠા છે
અને તેમની ભાષા પણ એકજ છે અને

હવે તેઓએ આ કામ કરવાનુ શરૂ કર્યું છે; તે મણે જે કરવાનુ ધાર્યું છે તે કરતા હવે તેઓ કાઇ પ્રકારે અટકશે નહીં; માટે ચાલો, નીચે જઇને તેમની ભાષામાં હેવો ગોટાળો કરી નાંખીએ કે એક બીજાની ભાષા તે સમજી સકે-જ નહીં. આમ કરીને ઇશ્વરે તેમને ત્હ્યાથી પૃથ્વી ઉપર છૂટા છૂટા વિખેરી નાખ્યા એટલે તેઓએ તે શેહેર બાંધવાનું મૂકી દીધુ.

અરણ્યજપા=એક જાતના જંગલી પુલનું નામ.

લૅાકકૅટ્રીન=એ સુંદર સરોવરનું નામ.

બેનઍન='ટ્રોસેકની'ની ઉત્તરે આવેલા એક પર્વત–"ન્હાના અગર છૂટા" પર્વતનું નામ.

સિંદૂર=એક જાતનું ઝાડ.

ગ્રીકની કળા=ગ્રીસ દેશના લોકો શિલ્પ કળામાં ઘણા પ્રવીણ હતા તેથી તેમની કળાનો ઉલ્લેખ કર્યો છે.

એલન=આ કાવ્યની નાયિકા–સરોવર સુદરીનું નામ.

માલ્કમ='એલન'–સરોવર સુંદરીના પ્રેમપાત્ર પુરુષનું નામ.

હાય્લેન્ડરો=સ્કૅાટલૅન્ડના એક પ્રદેશમાં વસતા લોકો–આ પ્રદેશમા પર્વતો ઘણા છે અને તે ઉંચાણમાં આવેલો છે. અહીંના લોક ઘણા શૂરવીર હોય છે.

ઍલનબેન=એલન–સરોવર સુંદરી–જે 'ડગ્લાસ' કુટુમ્બમાં રહે છે તે કુટુમ્બમા વસતો એક વૃદ્ધ પુરુષ જે ભવિષ્યવેત્તા છે.

સ્નાઉડન=સ્કૅાટલૅન્ડના એક ગામ 'સ્ટર્લીગ'નું બીજુ નામ. સ્કૅાટલૅન્ડનો રાજા જેમ્સ જ્હારે ગુપ્ત રીતે

લોકસ્થિતિ વગેરે જોવા નીકળતો ત્યહારે જૂદાં જૂદાં નામ ધારણ કરતો તેમાંનું આ–સ્નાઉડન કેરો વીર, જેમ્સ–ફીટ્ઝ–જેમ્સ–એક નામ છે. સ્કૉટલૅંડમાં ન્હાનાં ન્હાનાં સંસ્થાનો ઘણાં હતાં તે સસ્થાનો હિંદુસ્થાનના કાઠીઆવાડનાં સંસ્થાનો જેવાંજ હતાં; તેના ન્હાના ન્હાના ઠાકોરો જેવા રાજામા અંદર અંદર વિગ્રહ થતા અને તેને પરિણામે મુખ્ય રાજાની સત્તા છેક નમાલી થઈ ગઇ હતી.

મોરે=સ્કૉટલૅન્ડના એક સરદારનું નામ.

માર્ગરેટ=એલન–સરોવર સુંદરી–ની માશી જેણે એલનનું મા સમાન પાલણપોષણ કર્યું હતું.

ડગ્લાસ=સ્કૉટલૅન્ડના એક સરદારકુટુમ્બનું નામ; આ કુટુમ્બમાના એક સરદાર નામે ઍંગસ સ્કૉટલૅન્ડના રાજા ચોથા જેમ્સની વિધવા–માર્ગરેટને પરણ્યો હતો અને ઇંગ્લાંડના રાજા આઠમા હેનરીની મદદથી રાજ્યસત્તા પોતાના હાથમાં લઇ લીધી હતી. પાચમો જેમ્સ જે તે વખતે ન્હાની ઉમરનો હતો તેના ઉપર તે સંપૂર્ણ દાબ રાખતો હતો; પણ જ્યહારે તે ઉમર લાયક થયો ત્યહારે ધીમે ધીમે તે સરદારની સત્તામાંથી મુક્ત થયો અને અંતે આખા ડગ્લાસ કુટુમ્બને દેશપાર કર્યું હતું.

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૮	દીધીં	દીધા
,,	૧૨	રૂહેશુ	રૂહે શું
૨	૧૨	આકર	આ કર
૩	૯	દૂરથી	દૂરથીં
૪	૧૯	આવ્યા	આવ્યા,
૫	૧૦	નિર્ઝરમાંથી	નિર્ઝરમાર્થીં
,,	૧૪	પર્વત પાર્શ્વ દેશે	પર્વતપાર્શ્વદેશે
,,	૧૬	ગઇ છે	ગઈ
,,	૧૭	પૂંહે	પૂંઠે
,,	૨૦	ઉત્તુગ	ઉત્તુગ
,,	૨૪	ઊંચે	ઉંચે
૭	૩	•	ઉપજાતિ
,,	૧૩	•	ઉપજાતિ
૮	૭	ધાવતમૃગની	ધાવત મૃગની
,,	૧૫	ત્હાંહિં	ત્યાંહિં
૯	૧૫	વાહતાજ	વહતાજ
૧૦	૧૮	અહિંથી	અહિંથીં
૧૧	૨૧	મિનારા,	મિનારા,
૧૨	૧૨	ભીંત	ભીંત
૧૩	૪	પાશ્ચમ	પશ્ચિમ
,,	૫	પ્રભુ શક્તિયે	પ્રભુશક્તિયે
,,	૭	જુદાં	જૂદા
,,	૨૧	સંગર્યા	સંગર્યા
,,	૨૨	બળિયાં	બળિયા

૧૪	૧	ઊચ્ચે	ઉચ્ચે
,,	૮	નિ હાળર્યાં	નિહાળ્યાં,
,,	૧૭	સાંકડી	સાંકડી
૧૫	૫	ફરીથી	ફરીથી
,,	૭	શૈલસવૃક્ષછાયા	શૈલ સવૃક્ષછાયા,
,,	૮	નીલ.જલ૦	નીલા જલ૦
,,	૧૦	પટતો	પટ તો
૧૬	૧૫	વળિ	વળી
૧૭	૧૦	ધર્માધિકારી મદ યોગ્યજ	ધર્માધિકારીમદયોગ્યજ
૧૮	૭	સહુ	સહુ
૧૯	૧	।શકાર	શિકાર
,,	૬	અતિાથ	અતિથિ
,,	૧૯	કસોટી	કસોટી
૨૨	૨૦	નાયક પુત્રી	નાયકપુત્રી
,,	૧૧-૧૨	મહી	મહિં
,,	૨૧	પદ્દી	પદ્દી
૨૩	૮	રૂડી	રૂડી
૨૫	૧૧	દાસ	દિસે
૨૬	૧૩	ત્હેને	ત્હેનો
૨૬	૧૪	વળી	વળી
,,	૧૮	સ્થિર	સ્થિર
૨૭	૧૩	મ્હા ર	મ્હારી
૨૮	૭	હોડકુ	હોડકું
,,	૨૦	મૃત્યુ વશે	મૃત્યુવશે
૨૯	૧૧	જ્ઞાનને	જ્ઞાનનેને
,,	૨૨	પરેથી	પરેથી
૩૦	૭	રહેલથી	રહેલથી

,,	૧૦	૦સ્પર્શાં	૦સ્પર્શો
૩૨	૧૮	સુકાયલાં	સુકાયલા
૩૩	૧	ઍલન	એલન
૩૬	૩	કુમારી૦	કુમારીં૦
,,	૯	અગાશી	અગાશીં
૩૪	૨૦	દ્ર્ંષ્ટ્રા	દંષ્ટ્રા
૩૭	૩	ઍલન	એલન
૩૭	૮	વિાધથી	વિધિથી
૩૮	૧૪	ઍલન	એલન
,,	૨૧	,,	,,
૩૯	૭	,,	,,
૪૪	૮	શક્તિ	શક્તિ
૪૫	૩	ઍલન	એલન
,,	૨૦	,,	,,
૪૬	૧૦	મ્હોંટાડી	મ્હોંટાડીં